**સુવિચાર**

કોઈપણ વસ્તુ સિધ્ધ કરવાની તાલાવેલી જાગવી જોઈએ. પ્રબળ ઈચ્છા માનવીને જીવનમાં પ્રગતિ આપે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૧૨/૧૦/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ આસો સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૫૫




## પોલીસ અધિક્ષક હિમકરસિંહે તપાસનાં અંતે સત્તાવાર જાણકારી આપી

# અમરેલીમાં મહિલા સાથે દુષ્કર્મની કોઇ ઘટના બની જ નથી

**છેલ્લા ૩ દિવસથી સત્તા પક્ષ અને વિપક્ષનાં આગેવાનોએ કરેલ હલ્લાબોલનાં અંતે દૂધનું દૂધ ને પાણીનું પાણી થયું**

**સિટી પીઆઈએ પડોશીઓ સહિત તમામનાં નિવેદનો નોંધીને તપાસ અહેવાલ રજૂ કર્યો**

**કોમ્પ્લેક્ષનાં રહીશોએ દેહ વ્યાપાર અંગે પોલીસને કોઈ જાણ પણ કરેલ નથી**

**મોટા ગજાનાં રાજકીય આગેવાનોએ પુરી તપાસ કર્યા વગર નિવેદનબાજી શરૂ કરીને રાયનો પર્વત બનાવ્યો**

અમરેલી, તા. ૧૧

અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ ફલેટમાં મહિલા સાથે દુષ્કર્મના બનાવ અંગેનો ચકચારી મેસેજ ગત તા. ૯ નાં રોજ સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ હતો. જે અનુસંધાને આજે અમરેલી ખાતે જિલ્લા પોલીસ અધિક્ષકે પ્રેસ કોન્ફરન્સ યોજી આ ઘટનામાં દુધનું દુધ અને પાણીનું પાણીનું કરી નાંખતા આ બનાવમાં હવે પરદો પડી ગયો છે.



અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ ફલેટમાં મહિલા સાથે દુષ્કર્મના બનાવ અંગેનો મેસેજ સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ મેસેજ અંગે અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહને જાણ થતા અમરેલી સીટી પોલીસને તુરંત જ બનાવની જીણવટ ભરી રીતે તપાસ કરવા સુચના આપેલ હતી. જે અનુસંધાને અમરેલી સીટી પોલીસ ધ્વારા જે જગ્યાએ આ ઘટના બનેલ હોવાની વિગતો વાયરલ થયેલ હોય તે જગ્યાએ રહેતા રહીશો તેમજ આજુ બાજુના રહીશો પાસેથી ઉપરોકત ઘટના અંગે માહિતી અમરેલી સીટી પોલીસના પી.આઈ. દ્વારા મેળવતા આવી કોઈ દુષ્કર્મની ઘટના બનવા પામેલ ન હોવાનું આજુ બાજુના રહીશો પાસેથી જાણવા મળેલ હતું. તેમજ કહેવાતા આ વાયરલ મેસેજમાં જે મહિલા સાથે આ ઘટના બનેલ હોવાની હકિકત જાણવા મળેલ તે મહિલા અંગે તપાસ કરાવી, અધિકારીઓ ધ્વારા ટેલીફોનીક પુછપરછ કરતા તેઓ સાથે આવી કોઈ દુષ્કર્મની ઘટના ન બનેલ હોવાનું પણ આ મહિલાએ પોલીસ

**અનુસંધાન પાના ૬ ઉપર**





















## જવાબદાર ખેતીવાડી અધિકારી અને ખેડૂતનાં નિવેદન વચ્ચે વિરોધાભાસ

# ખેડૂતોને વાયર ફેન્સિંગની સહાય આપવામાં ઠાગાઠૈયા ?

**૬ થી ૮ મહિના પહેલા આઈ–પોર્ટલ ઉપર ફોર્મ ભરાયા કામ પૂર્ણ થયું છતાં સહાય આપવામાં આવી નથી**

**આઈ–પોર્ટલ ઉપર મોટા ઉપાડે સહાયની જાહેરાત તો થાય પરંતુ ઝડપથી સહાય મળતી નથી**

**અવનવા બ્હાના કાઢીને ખેતીવાડી વિભાગ ખેડૂતોને સહાય આપતો નથી તે હકીકત સામે આવી**

**જિલ્લાનાં કિસાન પુત્ર જયારે ધારાસભ્ય અને સાંસદ હોય તેઓએ દરમિયાનગીરી કરવી જરૂરી**

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લા સહિત રાજયનાં ખેડૂતોને રાજય અને કેન્દ્ર સરકાર તરફથી ખેતીવાડીમાં અનેક વિવિધ આર્થિક સહાય આપવામાં આવતી હોય છે અને તે માટે આઈ–પોર્ટલ પર અરજી કરવાની હોય છે અને ખેડૂતો અરજી પણ કરે અને ૬ થી ૮ મહિના સુધી સહાયની રકમ ખેતીવાડી વિભાગ પહોંચતી ન કરીને સરકારની ખેડૂતલક્ષી યોજનાનો લાભ આપવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે.

ધારીનાં છતડીયા ગામનાં ખેડૂત કાળુભાઈનાં ભત્રીજાએ "અમરેલી એકસપ્રેસ" સાથેની વાતચીતમાં જણાવેલ કે ૮ મહિના પહેલા આઈ–પોર્ટલ ઉપર અરજી કરવામાં આવી. નિયમ મુજબ વાયર ફેન્સિંગનું કામ પૂર્ણ થયું. જરૂરી દસ્તાવેજો પણ રજૂ કરવામાં આવ્યા છતાં હજુ સહાય મળી નથી.

કુંકાવાવનાં બરવાળા બાવીશી ગામનાં ખેડૂત અરવિંદભાઈ ડોબરીયાએ પણ "અમરેલી એકસપ્રેસ" સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તેઓને પણ હજુ સુધી સહાય મળી નથી.

આ અંગે જિલ્લા ખેતીવાડી અધિકારીએ "અમરેલી એકસપ્રેસ" સાથેની વાતચીતમાં જણાવેલ કે જે ખેડૂતોનાં દસ્તાવેજોમાં ખામી છે તે જ ખેડૂતની સહાય બાકી છે બાકીનાંને સહાય અપાઈ છે. ત્યારે ખેડૂતો સાચા કે ખેતીવાડી અધિકારી તે સમજાતું નથી.

જિલ્લાનાં ૪–૪ ધારાસભ્ય અને સાંસદ પણ ખેડૂત પુત્ર હોય તેઓએ ખેડૂતોને ખરેખર સહાય મળી છે કે નહી, ન મળી હોય તો કયાં કારણોસર મળી નથી તે અંગે નિવેદન જાહેર કરવું જરૂરી બન્યું છે.

---

### પોતાની પત્ની સાથે વાડીમાં બેઠા હોય તે સમયે


## અમરેલીનાં કમીગઢનાં ખેડૂત યુવક ઉપર અજાણ્યા ઈસમે કર્યો હુમલો

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના કમીગઢ ગામે ઘનશ્યામભાઈ છગનભાઈ કસવાળાની વાડીએ રહેતા પિન્ટુભાઈ હમીરભાઈ રાઠવા નામનાં ૨૫ વર્ષિય ખેત મજુર યુવક ગત તા. ૯ ના રાત્રીના દસેક વાગ્યે વાડીમાં પોતાની પત્ની સાથે બેઠા હતા અને વાડીમાં રોજડા આવેલ છે કે કેમ તે જોવા બેટરી કરતા હતા. ત્યારે અચાનક કોઈ અજાણ્યા ઈસમે વાડીમાં પ્રવેશ કરી યુવકને માથાના પાછળના ભાગે કંઈક સાધન વડે માથાના પાછળના ભાગે મારવાથી મોત નિપજશે તેવી જાણકારી સાથે માથાના પાછળના ભાગે માર મારતા યુવક બેભાન થઈ ગયેલ અને ભાનમાં આવતા કાનના ઉપરના ભાગેથી લોહી નિકળતુ હોય અને વાસાના ભાગે દુઃખાવો થતો હોય. જેથી ત્યાં પણ કોઈક સાધન વડે માર મારી ઈજા પહોંચાડયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

## બાબરા ખાતે તૈરૈયા પરિવાર દ્વારા માતાજીનુ પૂજન કરવામાં આવ્યુ



બાબરા, તા. ૧૧

બાબરામાં રાજગોર ફળી ખાતે આવેલ તેરૈયા પરિવાર ના કુળદેવી શ્રી ચામુંડા માતાજી ના મંદિરે નવરાત્રી દરમિયાન માતાજીનું પૂજન અર્ચન અને ધૂપ દિવા સાથે આરાધના તેરૈયા પરિવાર દ્વારા કરવામાં આવે છે. તેરૈયા પરિવાર દ્વારા ભગવતી શ્રી ચામુંડા માતાજી ને વિવિધ પકવાન નો અન્નકૂટ ધરવામાં અવ્યો હતો જેના દર્શન અને પ્રસાદ નો લાભ મેળવી ભાવિકો અને પરિવાર જનોએ ધન્યતા ની લાગણી અનુભવી હતી.

---

### પોલીસ અધિક્ષકની સુચનાથી કમાન્ડ કંટ્રોલની મદદ કામગીરી

## અમરેલીમાં એટીએમ કાર્ડ બદલી એટીએમમાંથી નાણા ઉપાડી લેનાર આરોપીઓને દબોચી લેવાયા

**કુલ 3 આરોપીઓને બરવાળા વિસ્તારમાંથી ઝડપી લેવાયા**



અમરેલી, તા. ૧૧

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના બી.એન.એસ. કલમ ૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના ગુન્હાના કામે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના નાગનાથ બીટ ટીમ દ્વારા હ્યુમન સોર્સની તથા કમાન્ડ કંટ્રોલ રૂમ નેત્રમ સી.સી.ટી.વી.ની મદદથી આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અમરેલી તાલુકાના વાંકીયા ગામે રહેતા અને જી.આર.ડી. વાંકીયામાં નોકરી કરતાં દિનુબેન ભાવેશભાઈ મહિડા નામની ૨૯ વર્ષિય પરણિતા ગત તા. ૭ ના રોજ તેણીના પતિને મોટર સાયકલ ખરીદવાનું હોય તેથી તે માટે થઈ તેણી રૂપિયા ઉપાડવા માટે એસ.બી.આઈ. નાગનાથ બ્રાંચના એ.ટી.એમ.ની અંદર આશરે ૧૧ વાગ્યે ગયેલ હતાં. ત્યારે ત્યાં પહેલેથી એક વ્યકિત હાજરમાં હોય તે વ્યકિતએ તેણીને રૂપિયા ઉપાડવા માટે એ.ટી.એમ.ની અંદર પીન નંબર દાખલ કરેલ તે તેણે જોઈ લીધેલ હતું. બાદમાં તે વ્યકિતએ તેણીને રૂપિયા ઉપાડવાના બહાને મદદ કરવાનું કહી તેણીનું એ.ટી.એમ. કાર્ડ બદલાવી લઈ તેણીને બીજા કોઈનું એ.ટી.એમ. કાર્ડ આપી દઈ અને તેણીના પતિના એ.ટી.એમ. કાર્ડમાંથી બીજી કોઈ જગ્યાએ જઈ રૂપિયા ૨૦,૦૦૦ ઉપાડી લીધાની દિનુબેન ભાવેશભાઈ મહિડાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સી.સી.ટી.વી.ની મદદ વડે તપાસ હાથ ધરી ત્રણ પરપ્રાંતિયો સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરેલ હતી.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કમાન્ડ કંટ્રોલરૂમ નેત્રમમાં સી.સી.ટી.વી. ચેક કરતા ભોગ બનનારે કરેલ વર્ણન વાળો ઈસમ તથા તેની સાથે બીજો ઈસમ એક ફોરવ્હીલ ગાડીમાં બેસી લાઠી રોડ તરફ જતા દેખાતા તુર્તજ બીજા અલગ–અલગ પોલીસ સ્ટેશનના સ્ટાફને ટેલીફોનીક જાણ કરી નાકાબંધી કરતા સદર વર્ણન વાળી ફોરવ્હીલ ગાડી બરવાળા પોલીસ દ્વારા નાકાબંધી દરમ્યાન પકડી પાડી તેમાંથી આરોપી સોનુ ઉર્ફે સુનીલ આત્મારામ બીડુ, જોની ઉર્ફે મનુ આત્મારામ બીડુ તથા અજય બલરાજભાઈ ખટક રહે. ત્રણેય હરીયાણાવાળા ત્રણ આરોપી તથા મુદ્દામાલ કબ્જે કરી બરવાળા પોલીસ સ્ટેશન. દ્વારા. બી.એન.એસ.એસ. કલમ ૧૦૬, ૩૫(૧)(ઈ) મુજબની કાર્યવાહી કરેલ હોય જયાંથી આરોપીનો કબ્જો મેળવી સદર ગુનાની ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી આરોપીઓ તથા રૂપિયા ૪,૩૩,૮૦૦ ના મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા હાથ ધરાયેલ છે.

---

### કોલેજની વિદ્યાર્થીનીને અડપલા કરવા અને મદદગારીનાં ગુન્હામાં

## સાવરકુંડલાની કાણકીયા કોલેજનાં પ્રાધ્યાપક સહિત ૨ વ્યકિત વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

**બંને આરોપીઓ સામે પોકસો એક્ટ મુજબ ગુન્હો નોંધાયો**

અમરેલી, તા. ૧૧

સાવરકુંડલા ગામે રહેતા આરોપી સાબીર મલેકેએ આજથી આઠેક માસ પહેલા સાવરકુંડલા ગામે આવેલ કાણકીયા કોલેજમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીની શારીરિક છેડતી કરી અડપલા કરેલ હતાં. બાદમાં ગત તા. ૨૮/૯/૨૪ ના રોજ આ વિદ્યાર્થીની પોતાની કોલેજ વતી કબડીની ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ હોય જેમા રાજકોટ ખાતે કબડી રમવા ગયેલ હતી. ત્યારે ખાનગી ગાડીમાં પરત આવતા હતા તે વખતે તેજ કોલેજના પ્રોફેસર એજાજ વાય કાઝીએ આરોપી સાબીર મલેકને આ વિદ્યાર્થી પાસે બેસાડેલ હતી. બાદમાં આરોપી સાબીર મલેકે વિદ્યાર્થી સાથે શરીરના ભાગે શારીરિક છેડતી કરી અડપલા શરૂ કરતાં ભોગ બનનાર વિદ્યાર્થીએ ના પાડતા આરોપીએ તેણીને મારી નાખવાની ધમકી આપેલ હતી. આ બનાવ અંગેનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પોલીસે આ બનાવમાં તપાસ હાથ ધરી ભોગ બનનારને હિંમત આપી બંને આરોપીઓ સામે બીએનએસ કલમ ૭૫, ૫૪, ૩૫૧ (૩) તથા પોકસો એકટની કલમ ૧૨ મુજબ ગુન્હો નોંધી આરોપીની શોધખોળ આદરી છે.

---

## વાંડળિયા ગામે જ્ઞાનજયોત વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાના વાંડળીયા ગામે આવેલ શ્રી જ્ઞાનજયોત વિદ્યાલયમાં શાળા પરિવાર દ્વારા નવરાત્રી મહોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાની વિદ્યાર્થીનીઓ એ ટ્રેડિશનલ પોશાક માં પ્રાચીન અને અર્વાચીન રાસે રમી માતાજીની આરાધના કરી હતી શાળા પરિવાર દ્વારા તમામ દીકરીઓ ને અલ્પાહાર કરાવી પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

---

### જલેબી, ફાફડા, ચોળાફળીનાં ભાવમાં સામાન્ય વધારો

## બાબરામાં દશેરાનાં પર્વને લઈને વેપારીઓ ફરસાણ બનાવવામાં વ્યસ્ત

**કાજુકતરીનો ભાવ રૂપિયા ૮૦૦ સુધી પહોંચ્યો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

બાબરામાં દશેરાના પર્વને લઈ વેપારીઓ વિવિધ મીઠાઈ તેમજ ફરસાણ બનાવવામાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. દશેરાના ચાર દિવસ પૂર્વે શહેરમાં મીઠાઈના તેમજ ફરસાણના વેપારીઓ અને કંદોઈ વિવિધ મીઠાઈ અને ફરસાણ બનાવતા જોવા મળી રહ્યા છે. દુકાન આગળ તેમજ જાહેર ચોકમાં જલેબી અને ચોળા ફળી સહિતની વિવિધ વાનગીઓ બનાવતા જોવા મળી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર ગત સાલની સરખામણીમાં આંશિક ભાવ વધારો જોવા મળ્યો છે. હાલ બજારોમાં મીઠાઈમાં જલેબી, સાટા, ખાજલી, ટોપરાપાક, કાજુ કતરી, વિવિધ બરફી, દૂધ અને માવાના પેંડા, થાબડી, ખજૂર પાક, અંજીર પાક, પનીર લાડુ, સોન પાપડી, મેસુર, જેલી હલવો. ફરસાણમાં જોઈએ તો ચોળાફળી, ફાફડા, ચેવડો, સેવ સહિતની વાનગીઓ જોવા મળી રહી છે.

મીઠાઈમાં સૌથી વધુ ભાવ કાજુ કતરીનો છે જે એક કિલોના રૂા. ૮૦૦ છે, અંજીર પાક રૂા. ૪૪૦ છે, જલેબી સૌથી સસ્તી રૂા. ૧૪૦, ફાફડા રૂા. ૪૦૦ કિલોના છે. ટોપરા પાક અને બરફી, પેંડા સહિતની વાનગીઓ સરેરાશ ૩૦૦ થી ૪૦૦ સુધીમાં મળી રહે છે.

બાબરામાં વર્ષોથી ફરસાણ અને મીઠાઈનો વેપાર કરતા વેપારી વનરાજભાઈ રામસિંહભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે ગત સાલની સરખામણીમાં માત્ર રૂા. ૨૦ થી ૩૦ રૂપિયાનો ફેરફાર કિલોએ જોવા મળી રહ્યો છે. જોકે ગ્રાહકોમાં કોઈ ભાવ વધારાની અસર જોવા મળી નથી અને સારી ગ્રાહકી જોવા મળી રહી છે.

---

## બગસરા નગરપાલિકા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજયની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં ઓકટોબર ૨૦૨૪ની તા. ૦૭ થી તા. ૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

વિકાસ સપ્તાહ અંતર્ગત ધારી અને અમરેલી તાલુકાની શાળામાં વિવિધ સ્પર્ધા યોજવામાં આવી અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકઓ દ્વારા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', 'વિકસિત ભારત' સૂત્રને સાકાર કરવા રાષ્ટ્રનિર્માણ માટે સંકલ્પબદ્ધ થયા હતા.

વિકાસ સપ્તાહ અન્વયે બગસરા નગરપાલિકા દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. બગસરા મેઘાણી સ્કુલ ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાગરિકો જોડાયા હતા.

---

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રાસ ગરબા સ્પર્ધા યોજાઈ





અમરેલી, તા. ૧૦

શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલય અમરેલીના આંગણેમાં જગદંબાની આરાધના પર્વ નવરાત્રી ખુબ જ ભકિત ભાવથી ઉજવવામાં આવી રહી છે ઘરથી દૂર એક ઘર જેવા વાતાવરણમાં માતાજીની ભકિત આરાધના રાસ ગરબા દ્વારા વિદ્યાર્થીઓ કરી રહ્યા છે.

આજરોજ તારીખ ૮/૧૦/૨૪ શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉમંગ ઉત્સાહથી આ કાર્યક્રમમાં પરંપરાગત વેશભૂષામાં ભાગ લીધો હતો, જેમાં પ્રાથમિક માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિકમાં શ્રેષ્ઠ પર્ફોર્મન્સ કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન પ્રાપ્ત કરનારને પ્રોત્સાહન ઈનામો આપી બિરદાવવામાં આવ્યા હતા,

શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સુંદર સ્પર્ધા યોજવા બદલ સંચાલક દિપકભાઈ વઘાસિયા તેમજ વિલાસબેન વઘાસીયા તમામ સ્ટાફગણ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા, આપણા ગુજરાત રાજયનું ગૌરવ નવરાત્રીના રાસ ગરબા થી માણીને સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખવા બદલ હદય પૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.

---

### મહાકાળી ગરબી મંડળ દ્વારા

## બાબરાનાં મોટા રામજી મંદિર ચોક ખાતે ૧૩૫ વર્ષથી પ્રાચીન ગરબીનુ આયોજન

**આજે દશેરાનાં દિવસે રામ–રાવણનુ યુદ્ધ જામશે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

બાબરામાં મોટા રામજી મંદિર ચોકમાં મહાકાળી ગરબી મંડળ દ્વારા પ્રાચીન ગરબીનું આયોજન કરવામાં આવે છે જેમાં આ વિસ્તારના બાળાઓ રાસે રમી માતાજી ની આરાધના કરે છે નવરાત્રી દરમિયાન ગરબી મંડળના સભ્યો વિવિધ નાટકો ભજવે છે જેમાં અષ્ટમીના રોજ મહાકાળીનો ખેલ ભજવવા માં આવે છે અહીં મહાકાળી ગરબી મંડળના મુખ્ય સંચાલક કિશોરભાઈ મકવાણા પાંચ વર્ષ થી મહાકાળીનુ પાત્ર ભજવે છે અષ્ટમીના રોજ રાત્રીનાં ૯ કલાકથી ૧ વાગ્યા સુધી નાટક ચાલે છે જેને જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

દશેરાના દિવસે મહાકાળી ગરબી મંડળ દ્વારા રામ રાવણનું યુદ્ધ કરવામાં આવે છે જેમાં રામાયણના જીવંત પાત્રો ને ગરબી મંડળના સભ્યો ભજવે છે ૧૩૫ વર્ષથી રામ રાવણના યુદ્ધમાં અત્યાર સુધી ભગવાન શ્રીરામના પાત્રમાં ૨૫ જેટલા સભ્યો એ પાત્ર ભજવીને અમર કર્યુ છે તેમજ રાવણના પાત્રમાં માં મંડળ ના ૧૫ થી ૨૦ જેટલા સભ્યોએ પાત્ર ભજવી અમર કરી ચૂકયા છે આટલા વર્ષોથી થતા નાટકોમાં હાલ મોટાભાગના સભ્યોનું અવસાન થયું છે જેઓની ગેરહાજરી ની નોંધ મંડલ ના સભ્યોની સાથે લોકો પણ કરી તેમને યાદ કરી રહ્યા છે.

અહીં રામજી મદિર ચોક ખાતે ભજવાતા રામ રાવણ યુદ્ધમાં ભગવાન શ્રીરામ, માતા સીતા, લક્ષ્મણજી હનુમાનજી તેમજ લંકાપતિ રાવણ, સહિત અન્ય અસુરોના પાત્રો આ ગરબી મંડળના સભ્યો ભજવે છે.

તેમજ લોકોના મનોરંજન માટે બે સભ્યો લીંબડીના પાત્ર ભજવે છે જે ભગવાન શ્રી રામની નગરયાત્રા દરમિયાન લોકોનું મનોરંજન પૂરૂ પાડે છે ભગવાન શ્રી રામની નગરયાત્રા તેમજ રામ રાવણ યુદ્ધ દરમિયાન શહેરના લોકો હનુમાનજીની ગદાના પ્રહારનો હસતા મોઢે પ્રસાદ રૂપે સ્વીકાર કરી આનંદ અને ધન્યતા ની લાગણી અનુભવે છે.

મહાકાળી ગરબી મંડળ દ્વારા રામ રાવણ યુદ્ધ તેમજ મહાકાળી નાટકમાંથી થતી આર્થીક આવક પક્ષીઓ ને ચણ સહિત અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

હાલ ગ્રુપનું સંચાલન કિશોરભાઈ મકવાણા ૧૫ થી ૨૦ વર્ષથી કરી રહ્યા છે.

વિજયા દશમીના દિવસે સવારે ૯ કલાકે માં ભગવાન શ્રી રામ લક્ષ્મણજી તેમજ જાનકી માતા અને હનુમાનજી સાથે શહેરમાં નગરયાત્રાએ નીકળે છે.

આ નગરયાત્રા શહેર ના અલગ અલગ વિસ્તાર તેમજ બઝારોમા ફરે છે જયાં લોકો દર્શન કરે છે.

બપોરે ૧૨ વાગે ભગવાન શ્રી રામની નગરયાત્રા પૂર્ણ થયા બાદ માતા સીતાનું ચોકમાંથી લંકાપતિ રાવણ હરણ કરે છે અને ત્યારબાદ ભગવાન શ્રી રામ અને લંકેશ વચ્ચે ઘમાસાણ યુદ્ધ જામે છે જે બે ત્રણ કલાક ચાલે છે અંતમાં રાવણ નો વધ થાય છે અને અસત્ય પર સત્ય વિજય થતા લોકો ભગવાન શ્રી રામ નો જય ઘોસ કરે છે.

અહીં રામજી મંદિર ચોક ખાતે રામ રાવણનું યુદ્ધ જામે છે તેને જોવા માટે બાબરા શહેર સહિત તાલુકામાં મોટી સંખ્યામાં લોકો જોવા ઉમટી પડે છે બાબરા પોલીસ સ્ટાફ તેમજ હોમગાર્ડ જવાનો દ્વારા ટ્રાફિક સહિત પૂરતો બંદોબસ્ત જાળવે છે.

## અમરેલીથી મુંબઈ, નાથદ્વારા, ગાંધીનગર (નાઈટ), ભાવનગર, વીરપુર, સોમનાથનો રૂટ શરૂ કરવો જરૂરી

# લ્યો બોલો : અમરેલી બસપોર્ટ શરૂ તો થયું નવા રૂટ શરૂ ન થયા

**રાત્રિનાં સમયે બસપોર્ટમાં ૯ થી સવારનાં પ સુધી કંટ્રોલ અને ઈન્કવાયરી પોઈન્ટ બંધ**

**કામ ચલાઉ બસ સ્ટેન્ડમાં હજુ કેશ અને બુકિંગ વિભાગ કાર્યરત જોવા મળી રહ્યો છે**

**જુનાગઢનાં અધિકારીઓ અપડાઉન કરી શકે તે માટે ૧પ જેટલા રૂટ શરૂ જોવા મળી રહ્યા છે**

**રાજકીય આગેવાનો લક્ઝરી કાર છોડીને એકાદ વખત બસ પોર્ટમાં ચક્કર લગાવી મુસાફરોની પરેશાની જાણે**









અમરેલી, તા. ૧૧

અમરેલી ખાતે વાજતે-ગાજતે બસપોર્ટનો પ્રારંભ તો કરવામાં આવ્યો પરંતુ નવા રૂટ શરૂ કરવામાં ન આવતાં મુસાફરવર્ગમાં નારાજગીનો માહોલ છવાયો છે.

અમરેલીનાં વેપારીઓ અને જાગૃત સંસ્થાઓએ અનેક વખત અમરેલી-મુંબઈ, અમરેલી-નાથદ્વારા રૂટની બસ શરૂ કરવાની રજૂઆત કરી છે જે મંજૂર થઈ નથી. તેમજ અમરેલીથી મોડી રાત્રિના ગાંધીનગર તેમજ સાંજના ૮ થી ૯ આસપાસ ભાવનગર અને અમરેલીથી વીરપુર, સોમનાથ જેવા તિર્થધામોએ જવા માટે પણ કોઈ શરૂ શરૂ નથી.

નવા બસ પોર્ટમાં રાઉન્ડ ધ કલોક કંટ્રોલ અને ઈન્કવાયરી પોઈન્ટ શરૂ રહેવાને બદલે રાત્રિનાં ૯ થી સવારનાં પ સુધી બંને પોઈન્ટ બંધ રહે છે તો કામચલાઉ બસ સ્ટેન્ડમાંથી હજુ સુધી કેશ અને બુકિંગ બારીનું સ્થળાંતર નવા બસ પોર્ટમાં શરૂ થયું નથી.

આશ્ચર્યજનક બાબત એ છે કે, અમરેલીનાં એસ.ટી.નાં અમુક અધિકારીઓ જુનાગઢથી અપડાઉન કરતાં હોવાથી દરરોજ ૧પ થી વધુ બસ જુનાગઢ રૂટ પર દોડી રહી છે. આ અંગે પણ તપાસની સાથે અનેક રૂટની બસની અનિયમિતતા પણ જોવા મળી રહી છે.

આલીશાન કારમાં મહાલતાં જનપ્રતિનિધિઓએ નવા બસ પોર્ટની આકિસ્મક મુલાકાત લઈને મુસાફરવર્ગની સમસ્યા જાણીને તેનો નિકાલ કરવો પડશે.

### જય અંબે ગરબી મંડળ દ્વારા આયોજન

## બાબરામાં દ્વારકેશ રેસિડેન્સીમાં પ્રાચીન શેરી ગરબામાં રાસગરબાની જમાવટ

**બાળાઓનુ પૂજન અને લ્હાણી વિતરણ કરાયુ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૧

બાબરામાં ચિતલ રોડ પર આવેલ દ્વારકેશ રેસિડેન્સીમાં શેરી નંબર ૩ માં જય શ્રી અંબે ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે અહીં રેસિડેન્સીની બાળાઓ દ્વારા પ્રાચીન રાસ ગરબાની જમાવટ બોલાવે છે.

જય શ્રી અંબે ગરબી મંડળ ના મુખ્ય આયોજક શ્યામભાઈ હિમતભાઈ તેરૈયા દ્વારા અહીં ગરબીમાં રાસે રમતી બાળાઓનું ગૌરી પૂજન કરી નાસ્તા કરાવી લ્હાણી વિતરણ કરવામાં આવ્યું હતું.

અહીં બાળાઓ દ્વારા ડાકલા, રાસ સહિત અન્ય માતાજીની વેશભૂષા સાથે ગરબે ઘૂમી રાસની રમઝટ બોલાવી હતી.

## અમરેલીના બાબાપુર ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૧૧

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ નાગરિકોને સતત મળે, વહીવટી પારદર્શિતામાં ઉમેરો થાય અને નાગરિકોને તેમના વસવાટ રહેઠાણ નજીકના વિસ્તારમાં સેવાઓનો લાભ પ્રાપ્ત થાય તેવા ઉદેશ્ય સાથે રાજય સરકાર દ્વારા સેવા સેતુના ૧૦માં તબક્કાની શરૂઆત કરવામાં આવી છે.

અમરેલી તાલુકાના બાબાપુર મુકામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. સેવા સેતુના માધ્યમથી જન કલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ લાભાર્થીઓને ઘરઆંગણે મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, સેવા સેતુ કાર્યક્રમમાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', વિકસિત ભારતના સૂત્રને સાકાર કરવા 'ભારત વિકાસ'ની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજયની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં ઓકટોબર-૨૦૨૪ની તા.૦૭ થી તા.૧પ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

વિકાસ સપ્તાહ અંતર્ગત સમગ્ર અમરેલી જિલ્લાની વિવિધ શાળાઓ અને કોલેજ કક્ષાએ ઉપરાંત શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધા યોજવામાં આવી રહી છે. જિલ્લાના નાગરિકો, વિદ્યાર્થીઓ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', 'વિકસિત ભારત' સૂત્રને સાકાર કરવા રાષ્ટ્ર નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈ રહ્યા છે, સાથે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યુ છે.

**મુસ્લિમ યુવકે તેમના મિત્ર સર્કલને સાથે રાખી જન્મદિવસની કરી અનોખી ઉજવણી**

## વડિયા ગ્રામ પંચાયત સદસ્યના જન્મદિવસે ગરબીમાં બાળાઓને શૈક્ષણિક કીટનુ વિતરણ

**હિન્દુ-મુસ્લિમ એકતાના દ્રશ્યો નવરાત્રીમાં જોવા મળ્યા**



વડિયા, તા. ૧૧

વડિયા ગ્રામપંચાયતના સદસ્ય જુનેદ ડોડીયા નો જન્મદિવસ નવરાત્રીમાં હોવાથી તેની ઉજવણીમાં મિત્ર સર્કલ સાથે વડિયા ગાંધીચોક ગરબી મંડળની બાળાઓને શૈક્ષણિક કીટનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ ત્યારે વડિયામાં ગરબીમાં મુસ્લિમ બાળાઓ પણ ગરબીમાં ઘૂમતી જોવા મળી હતી ત્યારે વડિયા નવરાત્રી ઉત્સવમાં કોમી એકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ કીટ વિતરણમાં ગ્રામ પંચાયત સદસ્ય એવા જિલ્લા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ જુનેદ ડોડીયા, બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ રજની તેરૈયા, મુસ્લિમ સમાજના પ્રમુખ અકીલ પઠાણ, વિશાલ જોશી, દેવકુ મોડા, હર્ષ તેરૈયા, ગાંધીચોક યુવક મંડળ અને ગરબી મંડળ હાજર રહ્યા હતા.


**મકાન વેચવાનું છે**

૪- બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર-પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.

ચિતલ રોડ, તપોવન પાર્ક

સંપર્ક : ૮૨૦૦૯ ૩૮૯૨૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...**

બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અધધધ.... ખજાનો......

રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....

નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે

ફક્ત વેપારીઓ જ સંપર્ક કરે...

હોલસેલ..... હોલસેલ......

સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮
















# જીવનને સફળને હળવુ ફુલ બનાવવા સમયસર કામ કરીએ

## પગદંડી/લેખન



**– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

કહે છે કે સમય કોઈનો થયો નથી ને થશે નહિ. માણસ કરતાં સમય બળવાન છે. મહાભારતનું યુદ્ધ જીતનાર ધનુર્ધારી અરર્જુનને પણ કાબે (ચોરોએ) લૂંટ્ઝટી લીધો હતો. એક કહેવત છે. ''સમો વરતે સાવધાન'' જે સમયને પારખી લે છે એ સફળ બને છે. જેમ મધદરિયે ચાલ્યું જતું વહાણ સલામત છે કારણ કે પવનની દિશામાં તેનાં સઢ હોય છે. માટે પવનની વિરૂદ્ધ જો સઢ હોય તો જોરથી વધુ જાય છે.

એવું જ એક જીવનનું છે. જગતમાં છે કોઈ મહાન વ્યકિત છે. તેમનું જીવનચરિત્ર વાંચીશું તો જણાશે કે તેઓ પોતાના જીવનમાં સયમને કોઈ મહત્વ આપતા હતાં. બહુ દુર જવાની જરૂર નથી. આપણાં સૌના પ્રિય ગાંધીબાપુની જ વાત કરીએ. સત્ય, સમય, અહિંસાને શસ્ત્ર બનાવેલ ભલે આપણે તેમને વેદિયા કહીએ પણ એમાં જ એમની સફળતા રહેલી છે.

એ મહામાનવોની તુલનામાં આપણી જાતને મુકીએ છીએ. તેમના જેટલુ ને જેવું જીવન જીવી શકીએ છીએ કે જીવીશું ? નહિં આપણે તો સમયની ઐસી તૈસી કરીને મુકત પંખી બની જીવનારાં છીએ ને પછી સાથો સાથ અફસોસ પણ કરીએ છીએ. કે કયાંક પહોંચાતું નથી. કયાંથી પહોંચાય ? ખાટલે મોટી ખોટ કે સમય નામનો ચોથો પાયો જ નથી.

આપણે નોકરી કરતાં માણસોને જોયો છે. કેવાં હાંફળા ફાફળ ાં રઘવાયાં ગઈ દોડાદોડ કરતાં હોય છે ? એમાંય પતિ પત્ની બન્ને નોકરી કરતા હોય ને નાનું બાળક પણ હોય તો આવી જ બને એમનાં પ્રશ્નો સાવ અનોખા જ હોય છે.

હવે તો મોટા ભાગની બહેનો આછપાતળી નોકરી કરતા જ હોય છે. પાછળનાં કારણો પણ તપાસવા જેવા હોય છે. પણ અહિ એની ચર્ચા નથી કરવી.

નોકરી નહિ કરતી પણ પોતાનો વ્યવસાય સંભાળતી બહેનોની સંખ્યા મોટી છે. વળી સારી રીતે વ્યવસાય કરે છે ને સંભાળે પણ છે. એ ઉપરાંત પરિવાર, કુટુંબ, સમાજ સાથે તેમનો તીલયેલ પણ હોય છે. આની પાછળનું કારણ શું ? એની પાછળનું કારણ છે સમય પાલન ટાઈમ મેનેજમેન્ટ. આખો દિવસ આવી નથી કે પુરૂષ નોકરી ધંધો કરીને કંપની ચલાવીને સાંજે ઘેર આવે છે ત્યારે સવારના જ તાજગી એના ચહેરા પર જોવા મળે છે. કારણ સમયપાલન. આપણના પીરને આ બધી વાહિયાત લાગશે. તેમનાં ભેજામાં ઉતરશે જ નહિ. કારણ કે તેમાં હાડકાં હરામના છે. માટે પણ કહે છે ને કે તમે સમયને સાચવશો તો સમય તમને સાચવી લેશે. હરખ છે. કાંઈક આપીએ તો પામીએ. આ માટે મહત્વનું છે સમયપાલન.આવી સફળતા માટે ટેન્શનરી જીવવા માટે શું કરવું જોઈએ ? બહુ સરળ ઉપાય છે.

(૧) પ્રથમ તો તમારા મનમાં નકકી કરો કે મારે સમયનું પાલન કરવું છે.

(૨) આગલા દિવસે આવતી કાલનું સમયપત્રક બનાવી લો. ને તે મુજબ કામ કરવાનો મકકમતાથી પ્રયત્ન કરો.(૩) ટાઈમ ટેબલ પ્રમાણે ચાલવની શિસ્ત પણ કેળવવી પડશે.(૪) જે કામ હાથમાં લીધું હોય તેને પુરૂ કરવાની આદત પાડો. પછી જ બીજું કામ ઉપાડો. જો એમ નહિ થાય તો બધાં જ કામ અધુરાં રહી જશે. કહે છે ને ઘોડે ન ચડાય પડી જવાય.(૫) મન પરોવીને કામ પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. તેથી તમારૂ કામ થાક લગાડશે નહિ.(૬) એક કામ કરતી વખતે બીજા કામનો પણ વિચાર ન કરવો.(૭) જે કામ હાથમાં લેવું છે તેનો ૧૦ – ૧૫ મિનિટ માનસિક રીતે વિચારો. આયોજન કરો. પછી કામ શરૂ કરો જુઓ એની મજા.(૮) કોઈ સ્થળે કાર્યક્રમમાં ઉત્સવમાં નોકરીએ, વેપારે જવું હોય તે જે તે સ્થળે પહોંચવા ૧૦ – ૧૫ મિનિટ વહેલા પહોચો. મોડા પહોચાવાથી શરીરનું સમતુલન ગુમાવી દેવાય છે.(૯) કોઈને મળવા જવું છે તો પહેલાં એમનો સમય માંગી લો. હા પાડે પછી જ જાવ. અન્યથા નિરાશ વ્યાપી જશે.(૧૦) ખીસ્સામાં પર્સમાં નાની ડાયરી રાખો. જેમાં રોજની વાત, ઘટના, કોઈએ આપેલ સમય કે વાત લખી લો તમને ટેન્શન નહિ રહે.(૧૧) કાયમી સમયની હંમેશા ફરિયાદ જ કરતાં હોઈએ છીએ. પણ તેને બદલે ફરિયાદમાં સમય ન બગાડતા તે કોઈ પ્રૂર્ણ કરવામાં લાગી પડીએ તો ?હવે થોડી બીજી વાત વિચારીએ.

(૧) ઘરકામ કરતી બહેનોને જોઈ છે ? કેટલાં ઘરનાં કામ કરતી હોય ? છતાં કયાંયથી ફરિયાદ આવતી નથી.

(૨) કોઈ કારીગર તેના કામમાં કેટલો મશગુલ હોય છે ?(૩) નાના બાળકની માતાને જોઈ છે ? કયાંય ન પહોચી હોય એવું બન્યું છે ?(૪) દુકાનમાં વેપાર કરતો વેપારી અક જ હોય. છતાં તમામ ગ્રાહકોને સંતોષ આપી શકે છે. શા માટે ?આ બધાની જગ્યાએ આપણે હોઈએ તો ?સ્વામીજી છે નિત્યશુદ્ધાનંદ સરસ્વતી ભલે સાધુ થયા છે. પણ કામ આપણાં સૌ કરતાં વિશેષ શુદ્ધને સમય પ્રમાણે કરે છે. શાસ્ત્રો ભણાવવાનું કામ કરે છે. ત્રણ આશ્રમ ને ત્રણ છાત્રાલયો, ગૌશાળ ા ચલાવે છે. ધાર્મિક ઉત્સવો ઉજવે છે. સાધકો સાથે લાવિ રહે છે. યાત્રા કરે છે. ઉમર પણ સાંઈઠની છે. એમની જગ્યાએ આપણે ૩૦ ૪૦ નાં પણ કામ ન કરી શકીએ. કારણ કે તેમણે સમયપાલનની શિસ્ત શીખી લીધી છે.શિસ્ત જીવનને ઘણું બધું આપે છે. વિચારજો. **અસ્તુ**



# બાલ એકસપ્રેસ



**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## અમરેલીનાં સાહિત્યકાર–લેખકોના નામ

**લક્ષ્મીદાસ ભીમજી વિઠલાણી:** અમરેલીના અગ્રણી ખાનદાન વ્યાપારી. અમરેલીમાં કુરજી માધવજીભાઈની પેઢી એક અગ્રણી વ્યાપારી પેઢી ગણાય છે. ફોરવર્ડ સ્કૂલના આદ્ય સંસ્થાપક છોટુભાઈ વિઠલાણીએ ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટની રચના કરી ટ્રસ્ટને શાળા સમર્પિત કરી એ વખતથી લક્ષ્મીદાસભાઈ ફોરવર્ડ સ્કૂલના ટ્રસ્ટના ટ્રસ્ટી હતા. આ જવાબદારી તેમણે છેલ્લા શ્વાસ સુધી નિભાવી હતી. ૧૯૬૭માં તેઓ સર્વાનુમતે ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે વરાયા હતાં. આ જવાબદારી પણ તેમણે જીવનના અંત સુધી નિભાવી હતી. તેમણે ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ માટેસારૂંદાનઆપેલું.તેઓઅમરેલી ચેમ્બરઓફકોમર્સ,બુકબેંક, ગૌશાળ ા, લોહાણા વિદ્યાર્થી ભવન સહિત અનેકસંસ્થાઓમાંસક્રિયહતા.

**રતિલાલ સુંદરજી શાહ:** આઝાદી પછીનાઅમરેલીજિલ્લાનાઘડતરમાં જે મહવની વ્યક્તિઓ ગણાય તેમાં અનિલાલભાઈ શાહ એક ગણી શકાય.તેઓકુશળધારાશાસ્ત્રીહતા. સારા વકતા હતા. શિક્ષણમાં તેમને વિશેષ રૂચિ હતી. અમરેલી જિલ્લાના કોંગ્રેસના તેઓ મંત્રી હતા. ડો. જીવરાજભાઈ મહેતાના તેઓ નીકટના સાથીદાર હતા. ગ્રામીણ વિસ્તારમાંપ્રાથમિક શિક્ષણ દૂત બને એ માટેની જિલ્લા શિક્ષણ સમિતિના તેઓ વર્ષો સુધી અધ્યક્ષ રહ્યા હતા. એ જ રીતે ફોરવર્ડ સ્કૂલના પણ તેઓ ટ્રસ્ટી અને મેનેજિંગ ટ્રસ્ટી પણ બન્યા હતા. ગૌશાળા સહિતની અનેક સંસ્થાઓમાં તેમણે પોતાની સેવા આપી હતી. ૧૯૬૯–૭૦માં કોંગ્રેસનું વિભાજન થયુંત્યારેતેઓમોરારજીભાઈદેસાઈની આગેવાનીહેઠળનીસંસ્થા કોંગ્રેસ સાથે

### ભાતીગળ સૌરાષ્ટ્ર

રહ્યા હતા. ૧૯૭૭માં જનતા પક્ષની રચના થતા તેઓ અમરેલી જિલ્લાના પક્ષપ્રમુખ બન્યા હતા. એ સમયના બધા જ રાજકીય આગેવાનો જેવા કે મોરારજીભાઈ દેસાઈ, બાબુભાઈ પટેલ, વજુભાઈ અને જયાબેન શાહ સાથે તેમને ખૂબ જ સારા સંબંધો હતા. તેમના પુત્ર ડો. પ્રવીણભાઈશાહ મુંબઈના જાણીતા ડોકટર છે.

**ભોગીલાલ તારાચંદ મહેતા :** અમરેલીના જૂની પેઢીના અગ્રણીધારાશાસ્ત્રી. અત્યંતપ્રતિષ્ઠિત અને ખાનદાન જૈન પરિવારના તેઓ મોભી હતા. મુંબઈ રાજયની રચના પછી કેટલાક કાયદાઓમાં ખાસ કરીને જમીનદારીના કાયદાઓમાં બહુ મોટા ફેરફારો થયા હતા. ભોગીલાલભાઈ તેના સારા જાણકાર હતા. તેઓ વિવિધ જૈન સંસ્થાઓ, દશા શ્રીમાળી જૈન બોર્ડિંગ, સાર્વજનિકપુસ્તકાલયઅને વકીલમંડળ સાથે સંકળાયેલા હતા. તેમણે વર્ષો સુધી સરકારી વકીલ તરીકે પણ પોતાની સેવાઓ આપી હતી.

**શામળજી પુરૂષોતમ સંઘવી :** શામળજીભાઈ સંઘવી પોતાના વ્યવસાયમાંથી નિવૃત થયા એ પછી પોતાનાં વતન અમરેલીમાં સ્થાયી થયા હતા. અમરેલીમાં તેમનાં વડીલોપાર્જિત મકાનો તથા અન્ય મિલકત હતી. કપોળ જ્ઞાતિનાં આગેવાન હોવા ઉપરાંત તેમણે અમરેલીની ગૌશાળામાં ગૌસેવા ક્ષેત્રે સારૂ યોગદાન આપ્યું હતું. અમરેલી નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન તરીકે તેમણે પ્રશંસનીય વહીવટ કર્યો હતો. તેમના સમયમાં નગરપાલિકા સંચાલિત ગર્લ્સ હાઈસ્કુલમાં શિક્ષકોની ખેંચના કારણે ગંભીર સમસ્યા સર્જાઈ હતી. આ સમસ્યા તેમણે સારી રીતે ઉકેલી હતી. અમરેલી શહેરમાં જે દબાણો હતા એ તેમણે દુર કરાવ્યા હતા. શ્રી ખીમચંદ મૂળચંદ મહેતા જૈન વિદ્યાર્થી ભવનના બાંધકામમાં તેઓએ સારૂ માર્ગદર્શન આપ્યું હતું.


## ટેઓના શૈશવનું દસ્તાવેજીકરણ





ટેકનોલોજીનો એટલો બધો વિકાસ થયો છે કે શુટીંગ અને ફોટોગ્રાફી અગાઉની સરખામણીમાં ઘણા સસ્તા થયા છે. તોપણ વાલીઓ પોતાના બાળકોના શૈશવનું દસ્તાવેજીકરણ કરવામાં ઉદાસીનતા દાખવે છે. સંસારના કોઈ પણ મનુષ્યને એનું બાળપણ અતિશય વહાલું હોય છે અને તેમાં એના હાથમાં ગમે તેટલી સંપત્તિ કે વૈભવ મૂકો અને જો એના બાળપણના ફોટોગ્રાફસનો ખજાનો અને શુટીંગ કરેલી સીડીઓની વિશાળ શ્રેણી મુકવાનું ચૂકી જાવ તો તમે આધુનિક સજજતા સાથેના માતા–પિતા નથી. એની દરેક પ્રક્રિયાઓનું દસ્તાવેજીકરણ થવું જરૂરી છે અને કલાત્મક અભિગમથી એની પ્રવૃત્તિઓના પાડેલા ફોટોગ્રાફસ એની આગળની જીંદગીને ઘણી મહત્વની પ્રેરણા પુરી પાડે છે. બાળક પહેલી વખત જયારે શાળાએ જતું હોય ત્યારે ઘરમાં ફોટોસેશન રાખવી જોઈએ. એ જ રીતે એના કે.જી.થી શરૂ કરીને પ્રાપ્ત થતાં પરિણામો પણ સારી રીતે સાચવવા જોઈએ. એની જીંદગીની આ બહુ જ મહત્વની મૂડી હોય છે.જેનું સર્જન આપણે વાલીઓએ કરવાનું હોય છે. દસ્તાવેજીકરણ સ્વયં એક વિદ્યા છે અને વાલીઓએ એનાથી વિમુખ ન રહેવું જોઈએ.

## વેકેશનમાં સાચો આનંદ



માધવના પપ્પા શહેરમાં નોકરી કરતા હોવાથી માધવનો ઉછેર જ શહેરી વાતાવરણમાં થયો હતો. દર ઉનાળુ વેકેશનમાં માધવ તેના મમ્મી–પપ્પા સાથે અલગ અલગ પર્યટન સ્થળે ફરવા જતો.

પણ આ વખતે તે ખૂબ ઉદાસ હતો. વકેશન પડી ગયું હોવા છતાં તે ફરવા જઈ શકે તેમ નહોતો ! કારણ કે આ વખતે તેના પપ્પાની રજા મંજૂર થઈ નહતી. વેકેશનમાં તેના મિત્રો પણ હાજર ન હતા.

હવે તેણે દાદાના ઘરે જવાનું વિચાર્યુ. એક શનિ–રવિની રજામાં માધવને તેના પપ્પા ગામડે દાદાના ઘરે મૂકી ગયા. માધવે શરત કરી હતી કે, 'હું ત્રણ ચાર દિવસ જ રોકાઈશ. ગામડે મને ગમશે નહીં.'

પણ હવે તેને ગામડે મજા આવવા લાગી. કાકાના છોકરા અને તેના મિત્રો સાથે તે કબડ્ડી રમતો. આંબલી પીપળી તો તે પહેલી વખત જ રમ્યો. નદીએ નહાવાની પણ તેને મજા આવી.

ખેતરમાં હરિયાળી જોઈને તો તે આભો જ બની ગયો. હવે તો ત્યાં તેના કેટલાય મિત્રો બની ગયા. ગામડે તેને મજા આવવા લાગી. ચાર દિવસને બદલે આખું વેકેશન રોકાયો.

તેના પપ્પા જયારે તેડવા આવ્યા ત્યારે તે કહે કે, 'પપ્પા, મને ગામડે બહુ જ મજા આવી. અહીં મેં જે ગામડામાં રમતો રમી તે શહેરમાં કયાંય




જોવા મળતી નથી. સ્વિમિંગપુલમાં નહાવા કરતાં નદીએ નહાવાની મને ખૂબ જ મજા આવી.'

વાતને આગળ વધારતાં કહે, 'પપ્પા, આપણે ગયા વખતે વેકેશનમાં જે હિલસ્ટેશને ગયા હતા ત્યાં કેટલી ભીડ હતી? કલાકો લાઈનમાં ઊભા રહ્યા પછી પ્રવેશ મળ્યો હતો. આથી મૂડ જતો રહ્યો હતો.

અહીં રમવાની બહુ મજા આવી. વળી, દાદા મને રોજ રાત્રે ઐતિહાસિક અને પૌરાણિક વાર્તા કહેતા. મને મારો મોબાઈલ પણ ગામડે યાદ આવ્યો નહીં. દર વેકેશનમાં હવે હું દાદાના ઘરે ગામડે જ આવીશ.'

માધવના પપ્પાએ એક ધ્યાનથી તેની વાત સાંભળી. માધવની વાતથી તે પણ બહુ રાજી થયા માધવને કહે કે, 'વેકેશનનો સાચો આનંદ પ્રકૃતિમાં અને ગામડે આપણા લોકોની વચ્ચે જ રહેલો છે.'



**બાલમિત્રો,**

દિવાળીનાં દિવસો નજીક આવી ગયાં ખરૂને બાળમિત્રો ? મનમાં થતું હશે કે કયારે વેકેશન પડે ને ઘોડા છુટે, માતા–પિતા પણ થનગની રહયાં હોય છે કે પરીક્ષા પુરી થાય એટલે પ્રવાસમાં ભાગીએ. કેટલાકે તો આગાઉથી પ્રોગ્રામ પણ ઘડી કાઢયો હોય છે, ટિકિટો પણ બુક કરાવી લીધી હશે. ખરૂને બાળીમત્રો ?

પણ મિત્રો એ પહેલા એક મોટી અડચણ છે. પરીક્ષાની આ બાલ એકસપ્રેસ પુર્તિ વાંચ્યા પછી તરત જ તમારી છ માસિક પરીક્ષા શરૂ થશે જાણો છો ને ? તૈયારી પણ કરી લીધી હશે તો કેટલાંક હજી વાંચવાનું મુર્હૂત જોવામાં પડયાં હશે. બસ બે દિવસ પછી પરીક્ષા છે. મિત્રો, જીવનમાં હરવા ફરવાનું તો મળવાનું જ છે. પણ એક વખત પરીક્ષા ગુમાવી તો આખુ વર્ષ પષ્તાવું પડશે.માટે તૈયારીમાં લાગી જાવ. પરીક્ષા વખતે ઉતાવળ થશો નહિ. પરીક્ષાની સામગ્રી આગલા દિવસે જ હાથવગી કરી લેજો. ઉચારમાં નહિ પણ પ્રસનીતાથી શાળામાં પહોંચી પરીક્ષા આપશો. મનમાં કાયરેય ન વિચારવું કે મને આવડતું નથી. તમને બધુ જ આવડે છે. ખરૂને બાલમિત્રો ?

## ખેતલીની વાર્તા

### બાલ કથાઓ



**ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)**

એક હતો વાણિયો ને એક હતી વાણિયણ. વાણિયણ કડ અને વાણિયો કંજૂસ.પણ વાણિયણ હતી પાકી. પોતાનો ધણી ઘરમાં હોય ત્યારે થોડું ખાય અને બહાર જાય ત્યારે પાછળથી પોતે સારૂ માણ કરીને ઉડાવે. એક દિવસ વાણિયાના મનમાં વહેમ પડયો. તે કહે : 'આટલું આટલું ઘરમાં લાવું છું ને એકદમ ખૂટી કેમ જાય છે ? લાવ ને જોઉં તો ખરો કે ઘરનું માણસ તો ખાઈ નથી જતું ? વરિયણને કહ્યું :' સાંભળ્યું કે ? મારે પાંચ સાત કોયલના ગામતરે જવું છે. મને ભાતું કરી આપ.' વાણિયો તો પોતાના ભાઈબંધને ત્યાં જઈને આખો – રહ્યો. સાંજે વાણિયણ દહેરે ગઈ ત્યાં વાણિયો છાનોમાનો ઘરમાં પેસી ગયો. અને ઘરની એક મોટી કોઠીમાં સંતાઈન બેઠો. રાત પડી. વાણિયણનો હરખ કયાંઈ માતો ન હતો. તે કહે : 'હાશ ! હવે હવે પાંચ દહાડા મીઠું મીઠું ધરાઈને ખાઈશ.' વાણિયણ પોતાની પાસે સૂવા માટે પાડોશીની એક છોકરીને બોલાવી આવી. એનું નામ હતું ખેતલી.

વાળુ કરી બંને જણી સૂતી. અરધી રાત થઈ ત્યગીજુભાઈની બાલકથાઓ વાણિયણ જાગી, ખેતલીને કહે : 'ખેતલી ખેતલી, રાત કેટલી ?' ખેતલી કહે : 'બા ! હજુ તો બાર જ વાગ્યા છે. વાણિયણ કહે: 'મને તો બહુ જ ભૂખ લાગી છે. પેલા ખૂણામાં શેરડીના સાત સાંઠા પડયા છે તે લાવ; ખાઈએ. પછી વાણિયણે અને ખેતલીએ સાંઠા ધરાઈને ખાધા ને પછી સૂઈ ગઈ. વાણિયો બેઠો બેઠો કોઠીના કાણામાંથી બધુંય જોતો હતો. તે કહે :' માળું ! આ તો ભારે લુચ્ચી લાગે છે !' વળી જયાં બે વાગ્યા ત્યાં વાણિયણ ઊઠી ને ખેતલીને કહે: 'ખેતલી ખેતલી ! રાત કેટલી ?' ખેતલી કહે : 'બા ! હજુ તો બે જ વાગ્યા છે.' વાણિયણ કહે : 'પણ મને તો બહુ જ ભૂખ લાગી છે. છ સાત સુંવાળી કરી નાખ, તો આપણે નિરાંતે ખાઈએ.' કોઠીમાં બેઠેલો વાણિયો વળી મનમાં ને મનમાં બબડયો 'ઓય રાંડ ! આ તો ભારે લુચ્ચી !' ખેતલીએ તો સુંવાળ ી કરી. સુંવાળી બંને જણીએ ખાધી ને પાછી સૂઈ ગઈ. જયાં ચાર વાગ્યા ત્યાં વળી પાછી વાણિયણ જાગીને બોલી : ' ખેતલી ખેતલી ! રાત કેટલી ?'

ખેતલી કહે : 'બા ! હજુ તો ચાર જ વાગ્યા છે. વાણિયણ કહે : 'બહેન ! મને તો બહુ જ ભૂખ લાગી છે થોડો શીરો હલાવી નાખ ને ?' છોડીએ તો થોડોક શીરો કર્યો. અંદર ઘી ખૂબ નાખ્યું હતું. પછી બંને જણીએ શીરો ખાધો ને વળી પાછી સૂઈ કોઠીમાં બેઠો બેઠો વાણિયો તો દાંત ભીંસવા લાગ્યો. વળી જયાં છ વાગ્યા, ત્યાં વાણિયણ પાછી જાગી, ને કહે :'ખેતલી ખેતલી ! રાત કેટલી ?'

ખેતલી કહે: 'બા ! છ વાગ્યા છે.' વાણિયલ કહે : 'હજુ તો ભૂખી જ છું. થોડી ધાણી ફોડ જોઈએ. આપણે થોડીક ધાણી ખાઈએ ને પાણી પીએ.' ખેતલીએ તો ધાણી ફોડી ને બંને જણીએ ખાધી. કોઠીમાં બેઠેલો વાણિયો મનમાં કહે : 'સવારે વાત છે આ વાણિયણની !' પછી ખેતલી પોતાને ઘેર ગઈ અને વાણિયણ પાણી ભરવા ગઈ. પાછળથી વાણિયો કોઠીમાંથી બહાર નીકળી ગામમાં ગયો ને થોડીકવાર પછી પોટકું લઈ પાછો આવ્યો. વાણિયણ તો ઝાંખી પડી ગઈ. એના મનમાં થયું કે ગમે તેમ હોય પણ વાણિયો વાત જાણી ગયો છે. વાણિયણે પૂછયું : 'તમે તો ચાર પાંચ દિવસને ગામતરે ગયા હતા ને આમ પાછા કેમ આવ્યા ?'

વાણિયો કહે : 'મને તો અપશુકન થયા એટલે પાછો આવ્યો.' વાણિયણ કહે: 'કહો તો ખરા, એવા તે શા અપશુકન થયા ?' વાણિયો કહે : 'રસ્તામાં એક મોટો સાપ આડો ઊતર્યો.' વાણિયણ કહે : 'હાયહાય ! મોટો સાપ તે કેવડો હશે' વાણિયો કહે: 'કેવડો તે કેમ? શેરડીના સાત સાંઠા જેવડો !' વાણિયણ કહે : 'પણ એની ફેણ કેવડી હતી ?' વાણિયો કહે: 'ફેણ તો મોટી બધી સાત સુંવાળી જેવડી હતી.' વાણિયણ કહે : 'તે ઈ સાપ ચાલતો' તો કેમ કરીને ? વાણિયો કહે: 'કહું ? શીરામાં જેમ ઘી ચાલે તેમ ચાલતો હતો.' વાણિયણ કહે : 'સાપ ઊડતો' તો કે નહિ ? વાણિયો કહે: 'હા, હા, તવીમાં જેમ ધાણી ઊડે એમ ઊડતો હતો !વાણિયણને ખાતરી થઈ ગઈ કે જરૂર વાણિયો બધી વાત જાણી ગયો છે. પોતે ઢીલી પડી ગઈ ને વાણિયાને પગે પને માફી માગવા લાગી. વાણિયે તેને તે દિવસે જવા દીધી પછી બંને સમજી ગાયાં. વાણિયો લોભી મટી ગયો ને વાણિયણ ખાઉકડ મટી ગઈ.

## હુતાત્મા અનંત હરિ મિત્ર







**જન્મ : – ૧૯૩૪, વીરગતિ : ૧૯ મે, ૧૯૪૭,**

પંચાનની દેવીની કૂખે પશ્ચિમ બંગાળના નદિયા જીલ્લાના બેગમપુર ગામમાં ૧૯૦૬ની સાલમાં અંનત હરિ મિત્રનો જન્મ થયો હતો. માત્ર ૧૬ વર્ષની આ હોનહાર કિશોર અનંત હરિ મિત્ર વિવેકાનંદજીના સાહિત્યથી ખૂબ જ પ્રભાવિત હતો અને અને તેથી દેશ ધર્મ માટે કંઈક કરી છૂટવા માટે તૈયાર હતો. એ સમયે સ્વાતંત્ર્ય માટે નાના મોટા અનેક કાર્યક્રમો ચાલતા. જેમાં અસહકાર આંદોલન ખૂબ જ જોરશોરથી ચાલુ હતું. અનંતે આ આંદોલનમાં આગળ પડતો ભાગ લીધો. એટલું જ નહિ પણ તેના મિત્રોને પણ તેમાં જોડયા. મૂળ ક્રાંતિકાશી સ્વભાવના અનંતને આવા મવાળ આંદોલનમાં રસ ન હતો. એમાંય પાછું ચોરાચોરી કાંડના કારણે આંદોલન પાછું ખેચાયું તેથી અનંત હરિ મિત્ર ખુબ જ ગુસ્સામાં આવી ગયો હતો. એ પછી ખૂબ વિચારને અંતે તેણે માત્ર ૧૬ વર્ષની ઉમરે જ સશસ્ત્ર ક્રાંતિનો માર્ગ અપનાવી લીધો. ક્રાતિકાંરીઓને પકડવા અંગ્રેજ શાસન એડીચોટીનું જોર લગાવી રહ્યું હતું. કાકોરી ઘટનાના ક્રાંતિકારીઓને પકડવા કલકત્તામાં પોલીસ ઘરે ઘરે તપાસ અભિયાન ચલાવી રહી હતી. દક્ષિણેશ્વરના વાચયાસ્પતિપારા લેનના એક મકાનની તપાસમાં એક સાથે ઘણા બધા ક્રાંતિકારીઓ પોલીસની પકડમાં આવી ગયા. એમાં અનંત હરિ મિત્ર પણ ખરો જ. પકડાયેલા ક્રાંતિકારીઓ પર કેસ ચાલ્યો અને બધાને ૧૦ વર્ષની કાળ ાપાણીની સજા થઈ. અનંત હરિ મિત્ર બાકીના ક્રાંતિવિરોને અલીપુર સેન્ટ્રલ જેલમાં પુરી દિધા. તેઓ પાસેથી વધુ ક્રાંતિકારીઓનાં નામ કઢાવવા જાસૂસી તંત્ર કામે લાગ્યું અને તેના વિશેષ અધિકારી હતા ભૂપેન્દ્રનાથ ચેર્ટજી. આમ તો બષ ક્રાંતિકારી મજબૂત મનોબળના હતાં છતાં એમાં કયાંક ચડભડ થતી જેણે અનંત હરિને આશંકિત કરી દીધો. આથી તેણે બધા સાથે મળીને તેના સમાધાન માટે યોજના બનાવી. ક્રાંતિવિરોમાં અંદરોઅંદર ઝેર રેડવાનું કામ ભુપેન્દ્રનાથ ચેર્ટજી કરતો હતો. તે હિન્દુસ્તાની હતો પણ અંગ્રેજોના પીઠ હતો અને ક્રાંતિકારીઓને વધુ ને વધુ હેરાનગતિ થાય એ માટે પ્રયત્નો કરતો હતો. આવા દાનવોનું મરવું જ યોગ્ય હોય છે. આથી એક દિવસ અનંતે યોજનાને કાર્યાન્વિચ કરવા લોખંડના સળિયાથી ભુપેન્દ્રનાથને કાયમ માટે શાંત કરી દીધો. ફરી કેસ ચાલ્યો. બધાની સજામાં વધારો કરાયો. અનંત હરિ મિત્ર અને તેના મિત્ર પ્રમોદ રંજન ચૌધરીને ફાંસીની સજા થઈ. ફાંસીની આગલા દિવસે બધા ક્રાંતિકારી મિત્રોએ ભેગા થઈ દેશભકિતનાં ગીતોથી વાતાવરણ ભરી દીધું. રાત્રિ જાગરણ કર્યુ. સવારે હસતાં હસતાં બંને મિત્રોએ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૨૬ના રોજ ફાંસીના ફંદાને ચુમી લીધો. અનંત હરિ મિત્રની એ સમયે ઉમર હતી માત્ર ૨૦ વર્ષની ! દેશ ધર્મ માટે જવાની કુરબાન કરી દીધી.

**એક કલાક માટે પણ ગુલામીને ટકાવી રાખવી તે અન્યાય છે.**

## નવમુ નોરતું મા સિદ્ધિદાત્રી

નોરતાના છેલ્લા દિવસે માતા સીદ્ધિદાત્રીની પૂજા કરવામાં આવે છે. નવદુર્ગાઓમાં માતા સિદ્ધિ રાત્રે અંતિમ છે. અન્ય આઠ દેવીઓની પૂજા ઉપાસના શાસ્ત્રીય વિધિ વિધાન પ્રમાણે કરતા, ભક્તો દુર્ગા પૂજાના નવમા દિવસે આ દેવીની ઉપાસના કરે છે.માતા સિદ્ધિદાત્રી દરેક ભક્તોને દરેક સિદ્ધિ પ્રદાન કરે છે. દેવીપુરાણ પ્રમાણે શિવે તેમની જ કૃપાથી આ સિદ્ધિઓને પ્રાપ્ત કરી હતી. તેમની અનુકંપાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું. આ કારણે તેઓ અર્ધનારેર નામથી પ્રસિદ્ધ થયા. અંતિમ દિવસે છેલ્લા દિવસે ભક્તોએ પૂજા કરતી વખતે ધ્યાન, બધું જ ધ્યાન નિર્માણ ચક્ર છે. જે આપણા કપાળની વચ્ચે સ્થિત હોય છે. ત્યાં લગાવવું જોઈએ. આવું કરવાથી દેવીની કૃપાથી આ ચક્ર સાથે દર્શન કરવાનો લાભ ભક્તોને પ્રાપ્ત થાય છે.

**દિપ્તિબેન પી. રાવળ**
**ઉપલેટા–જિ.રાજકોટ**

## બાલગીત

**સ્વરીચત : સંજયભાઈ ભીખાભાઈ વાળોદરા શ્રી અંટાળિયા પ્રા.શાળા પ્રાથમિક શિક્ષક, મો.૭૬૯૮૨ ૮૩૮૦૮**

મારે ગાવું છે ગીતડું નાનું, સુંદરને મજાનું
માટે સૌ સાથે ગાજો સાથે ગાજો.
મારે ગાવું
મારે ભમવા છે ખીણને ડુંગર, પર્વતને કોતર,
માટે સૌ સાથે ભમજો, સાથે ભમજો.
મારે ગાવું
મારે ઘુમવું છે. દેશને વિદેશ, ભારતની ભૂમિ
માટે સૌ સાથે ઘુમજો, સાથે ઘુમજો.
મારે ગાવું
મારે રમવું છે ખો ખો કબડી, ક્રિકેટને હોકી
માટે સૌ સાથે રમજો, સાથે રમજો.
મારે ગાવું

# જેવો દેશ તેવો વેશ

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**



## કબુકબુ, આજા, આજા!
**હસમુખ બોરાણિયા**



અર્થ : બળવાન કમજોરને હંમેશાં દબાવી દે છે. જોરાવર માણસની વાત ખોટી હોય તો પણ એની હા–માં હા પૂરવી પડે છે. અથવા તે જબરદસ્તીથી પોતાનો કક્કો ખરો કરાવે છે.

એક વખત એક ગામની ભાગોળે બીજા ગામની ભૂલી પડેલી ભેંસ આવી ચઢી. ગામના ચોતરે બેઠેલા બે માણસોએ જયારે આ નધણિયાતી ભેંસ જોઈ એટલે તેમાંથી એક જણ બોલ્યો, 'અરે, આ મારી ભેંસ અહીં કયાંથી આવી ?' બીજો બોલ્યો, 'અરે આ તો મારી ભેંસ છે. તે તેની ગમાણ છોડી આવી લાગે છે.' એટલામાં ત્રીજો માણસ આવ્યો તેણે પણ કહ્યું કે 'આ ભેંસ મારા ઘેરથી ખૂંટો ઉખાડી આવી લાગે છે.'

ત્રણે જણને આ રીતે લડતા જોઈ એક માણસ લાકડી લઈને આવ્યો અને તે પણ ભેંસ પર માલિકીહક જમાવવા લાગ્યો. વાદ–વિવાદ વધતો ગયો.

એટલામાં એક પહેલવાન હાથમાં ડાંગ લઈ ત્યાંથી જતો હતો. થોડી વાર ત્યાં ઊભા રહી તેણે કજિયાનું મૂળ આ બિનવારસી ભેંસ છે એમ તારણ કાઢી લીધું અને તેણે ભેંસના ગળામાં દોરડાનો ગાળિયો નાખ્યો અને ડાંગ ઘુમાવતાં બોલ્યો, 'ચલો આઘા ખસો. આ ભેંસ તો મારી છે. જોતા નથી કપાળમાં ચાંદુ છે. બોલો કોઈને કૈં કહેવું છે ?' બધા બીકના માર્યા આઘા ખસી ગયા, અને પેલા પહેલવાનને કહેવા લાગ્યા. 'હા ભાઈ હા, આ ભેંસ તો તમારી જ છે કારણ કે તમારા હાથમાં લાઠી છે.' પહેલવાન ભેંસ લઈને ચાલતો થયો તો એક સમજદાર માણસે કહ્યું, 'એ તો ભાઈ એવું છે ને કે જેની લાઠી તેની ભેંસ.'

# પોપટની સંભાળ

નાનકડી રીષિકા અને ત્રિશા. બંને બહેનો દાદીમા પાસેથી દરરોજ વાર્તા સાંભળે. એક દિવસ રીષિકાએ કહ્યું, ‘‘હું વાર્તા કહું ?'' દાદીમાએ નવાઈ પામતાં કહ્યું, હા રીષિકાએ કહેલી બાળ વાર્તા માણીએ.

હું ને મારી બહેન ત્રિશા. રમત રમતાં હતાં. ત્યાં એક પોપટ આવીને ફળિયામાં બેઠો. ઊડી પણ શકતો ન હતો. બીમાર હશે.

મારા કાકા પોપટ પાસે ગયા. પછી તેને પીવા માટે પાણી, ખાવા માટે મરચું ને જામફળ આપ્યાં. પોપટ ડરતાં ડરતાં ખાવા લાગ્યો.

અમને પોપટ જોવાની મજા પડી. ત્યાં ત્રિશા બોલી, ‘‘કાકા, આ પોપટ આપણે પાળીએ. તમે સરસ મજાનું પીંજઢ લઈ આવજો. હું પોપટની સંભાળ રાખીશ.'' પછી ત્રિશા કહે, ‘‘પોપટને જેવું પઢાવીએ તેવું બોલે પણ ખરો.''

ત્રિશાની વાત સાંભળીને મને નવાઈ લાગી. મેં કહ્યું, ‘‘ભૂલી ગઈ ત્રિશા? શાળામાં આપણે શું શીખ્યાં છીએ? કોઈ પંખીને પીંજરામાં પૂરીને કેદ ન કરાય. તેને તો છૂટા જ ઊડવા દેવાય. પોપટ જો બોલતાં શીખે તો એવું ના બોલે ? મને છોડી દો, મારે આકાશે ઊડવું છે.''

કાકા પણ બોલ્યા, ‘‘હા, રીષિકાની વાત સાચી છે. પોપટને સારૂ લાગતાં તે ઊડી જશે. આપણે તેની કાળજી રાખીશું. બિલાડી કે કૂતરાં તેને હેરાન ના કરે એ ખ્યાલ રાખીશું.'' કાકાએ કહ્યા મુજબ અમે પોપટની કાળજી લીધી.

દાદીમાએ ધીમેથી પૂછયું, ‘‘પછી શું થયું ?''

તો રીષિકા બોલી, ‘‘પછી તો બીજા દિવસે પોપટ ઊડીને સામેના લીમડા પર જઈને બેઠો. લીલો લીમડો ને લીલો પોપટ એક થઈ ગયા હોય એવું લાગ્યું. પછી અમે ગીત ગાયું લીલા પોપટ ભાઈ, લીલા પોપટ, ડાળે બેઠા ભાઈ, લીલા પોપટ.
બોલો, આવું થયું!

# આપો જવાબ

(૧) રસ્તો છે પણ ગાડી નથી
જંગલ છે પણ ઝાડ નથી.
શહેર છે પણ ઘર નથી. – **નકશો**
(૨) હું મરૂ છું હું કપાવ છું
પણ રોવો તમે છો.
બતાવો કોણ ? – **ડુંગળી**
(૩) પાણી થી બનેલી કઈ ચીજ છે.
જેને સુરજ પણ સુકાવી નથી શકતાં ?
– **પરસેવો**
(૪) એવું શું છે જેને છોકરી ખાવા નથી માંગતી પણ ખાય છે ? – ધોખો
(૫) એવું કોણ છે. જેને પાંખ નથી તોય ઉડે છે. હથ નથી તોય લડે છે.
– **પતંગ**

**નામ : રાઠોડ નિરાલી હિતેશભાઈ, ધો : ૬, શાળા : રૂપાયતન, અમરેલી.**

# હસવાની મનાઈ છે


(૧) જગન : ત્રણ અઠવાડિયાથી મેં મારી સ્ત્રી સાથે વાત નથી કરી.
મગન : અરે ! પણ એવું કેમ ?
જગન : મને વચમાં બોલવું પસંદ નથી.
(૨) એક જમાનો હતો જયારે ફોન હાથમાંથી પડે તો બેટરી બાર આવી જતી.
અને અત્યારે ફોન પડે એટલે ફેફસાં, કિડની, હદય બધું જ બાર આવી જાય.
(૩) ભિખારીએ કારમાં બેઠેલી મેડમ પાસે પૈસા માંગ્યા. મેડમે પૈસા આપ્યા
ભિખારી ચાલતો થયો મેડમ એ બાબા દુઆતો આપતા જાવ.
ભિખારીએ BMW માં તો બેઠા છો હવે શું રોકેટમાં બેસવું છે ?

**નામ : રાઠોડ મીલન, ધો : ૫, શાળા : રૂપાયતન–અમરેલી**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. નિંદાને ધ્યાનમાં ન લાવવી. કોઈએ દ્વેષ કર્યો હોય તેને યાદ રાખવો નહીં, પેટમાં સંઘરી રાખવો નહીં.
૨. ઝેર બહુ બાળે તો ભગવાનના નામનું કિર્તન કરજો. ભગવાનનું નામ ઝેરને અમૃત બનાવે છે.
૩. સોળમાં વર્ષથી જીવનમાં મંથન શરૂ થાય છે. મનમાં વાસનાનું ઝેર ઉત્પન્ન થાય છે. તે વખતે મનને મંદરાચલ જેવું સ્થિર કરો તો મંથનમાંથી સંસારમાંથી ભકિત અને જ્ઞાનરૂપ અમૃત નીકળશે.
૪. ભગવાન કસોટી કરે છે. પહેલાં ઝેર આપે પછી અમૃત આપે.
૫. સંપતિ આવે તેનો ઉપયોગ પરોપકારમાં કરજો.
૬. સંતોષ ન હોય તો મનુષ્ય પાપ કરે છે.
૭. જેનુ બહુમાન (કીર્તી) મળે છે તેના પુણ્યનો ક્ષય થાય છે. કીર્તી અને પ્રસિદ્ધિમાં ફસાય તેને અમૃત મલતું નથી.
૮. લક્ષ્મીનો મોહ છૂટે છે ત્યારે પ્રભુભજનની શરૂઆત થાય છે.
૯. લક્ષ્મીજી તો જેનું દિલ કોમલ અને મૂદુ હોય તેને ત્યાં આવે છે.
૧૦. જેની પાસે ઘરમાં કલહ કંકાસ થાય તે ઘરમાં રહેવાવાળાને જ્ઞાનમૃત ભકિતરૂપ અમૃત મળતું નથી.

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) અરબી સમૃદ્રને મળનાર લાંબા માં લાંબી નદી કઈ છે ? – સિંધુ
(૨) દેશમાં સૌપ્રથમ કૃષિ યુનિવર્સિટી કઈ સ્થપાઈ હતી ? – પંતનગર યુનિવર્સિટી
(૩) ભારતમાં સામાન્ય રીતે ઘઉંના પાકમાં કયો રોગ જોવા મળે છે ? – રૂસ્ટ
(૪) ભારત દેશ કયાં ખંડમાં આવેલો છે ? – એશિયા
(૫) ભારતનો પ્રમાણ સમય દર્શાવતુ ૮૨.૫ પૂર્વ રેખાશંવૃત કયા શહેર પાસેથી પસાર થાય છે ? – અલાહબાદ
(૬) ભારત અને ચીનની સીમા રેખા કયા નામે ઓળખાય છે ? – મેકમોહન રેખા
(૭) ભારતમાં શિયાળુ પાક કયા કયા ઓળખાય છે ? – રવિ
(૮) બીડીઓ બનાવવા માટે શેનો ઉપયોગ કરાય છે? – ટીમરૂ
(૯) કયા વૃક્ષમાંથી કાથો મળે છે ? – ખેર
(૧૦) આસામની મુખ્ય નદી કઈ છે ? – બ્રહ્મપુત્રા

# ઝળહળ ઝાકળ


**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## ઈયળમાંથી પતંગિયું – કુદરતની કમાલ !

ડિસ્કવરી ચેનલ પર દર્શાવવામાં આવેલા એક જીવંત કાર્યક્રમમાં ઈયળમાંથી પતંગિયું બનવાની પ્રક્રિયા બતાવી. સ્તબ્ધ બની જવાય તેવી વિસ્મયકારક ઘટના ! પ્રત્યેક પૂર્વગ્રહો આવી ઈયળ જેવા હોય છે. પૂર્વગ્રહ છૂટે એટલે હૈયું પતંગિયા જેવું હળવું હળવું બની અનંત આકાશમાં પોતાની મસ્તીમાં ઊડયા કરે, બસ ઊડયા જ કરે ! રિચાર્ડ પાક ખરૂં જ કહે છે : ‘ ઈયળનો અંત એટલે પતંગિયાના જીવવનો પ્રારંભ !’

## પ્રયોગ – ૧૬
# ફટકડી દ્વારા અશુદ્ધિ દૂર કરવી

**હેતુ** : ડહોળા પાણીની અશુદ્ધિઓ ફટકડીનાં ઉપયોગ દૂર કરવી.
**સાધન** : બિકર
**પદાર્થ** : ગાળેલું પાણી, ફટકડી
**રીત** : ગાળેલાં પાણીમાં ફટકડીનો ટુકડો નાખો.
તે ટુકડાને પાણીમાં ચાર – પાંચ વાર હલાવીને કાઢી લો.
પાણીને હલાવ્યા વગર અડધી કલાક રહેવા દો.
**અવલોકન** : ફટકડી ફેરવવાથી પાણીનો ડહોળ નીચે બેસી જાય છે. સ્વચ્છ પાણી બીકરમાં ઉપરના ભાગમાં તરી આવે છે.
નિર્ણય : ફટકડી ફેરવવાથી પાણીમાંથી દ્રાવ્ય અશુદ્ધિઓને જુદી કરી શકાય છે.
માણસની આંખના ડોળાને લોહી દ્વારા ઓકિસજન મળતો નથી એટલે તે પુરવઠો તેમણે હવા દ્વારા મેળવવો પડે.




## પ્રયોગની પાંખે
**વિજ્ઞાન નગરી**
**પ્રકાશક: શ્રી બળવંત પારેખ**



**માણસની આંખનાં ડોળાને લોહી દ્વારા ઓકિસજન મળતો નથી એટલે તે પુરવઠો તેમણે હવા દ્વારા મેળવવો પડે**

# ગાંધીજયંતિ તે દિને – ઉમાશંકર જોષી




માર્ગમાં કંટક પડયા,
સૌને નડયા ;
બાજુ મૂકયા ઊંચકી,
તે દી નકી
જન્મ ગાંધી બાપુનો, સત્યના અમોઘ મોંઘા જાદુનો. અન્યાય નીચી મૂંડીએ ના લીધ સાંખી; દુર્ગંધ પર મૂઠી ભરીને ધૂળ નાંખી, ઉકરડા વાળી–ઉલેચી સૃજનનું ખાતર રચ્યું; અબોલા ભંગવવા એ વાતમાં મનડું મચ્યું.
કંઈક આમાંનું બને,
ગાંધીજયંતી તે દિને. મૂર્ખને લીધા નભાવી, ધૂર્તને યોજયા જગતકલ્યાણના પથમાં પટાવી; હૈયું દીધું તે દીધું, પાછા વળી–ખમચાઈ ના કંઈ ગણતરીથી સાંકડું કીધું; દૂભ્યાંદબાયાં કોઈનું એકાદ પણ જો આંસુ લૂછ્યું, દાખવ્યું ઘર મનુજ કેરા માંહ્યલાને વણપૂછ્યું ; હૃદય જો નાચી ઊઠયું અન્યના સાવિક સુખે, હરખભર જો ઝંપલાવ્યું અદયભીષણ જગતહિંસાના મુખે ;
– તિથિ ન જોશો ટીપણે–
ગાંધીજયંતી તે દિને.
ગાંધીજીનું જન્મસ્થાન
જન્મસ્થાન તમારૂં તેજ કોઈ નગરે ગૃહે, મૃદુ માનવ હૈયું તે જન્મસ્થાન તમારૂ છે. ઉમાશંકર જોષી

ફકત બે વાકયો...

નચિકેત : કન્ફયુશિયસનો શિષ્ય માસ્ટર કુંગ ભારે વિદ્વાન. ચર્ચામાં બધાંને હરાવે. ગુસ્સો અને ઘમંડ પણ એટલાં જ. જયારે તેણે સાંભળ્યું કે દક્ષિણ ચીનના એક ઝેન ગુઢ કોઈ નવો પંથ ચલાવી રહ્યા છે, ત્યારે તેની ખબર લઈ નાખવાના ઈરાદાથી કુંગ– બહાર પડયો. કેટલાય દિવસો સુધી ચાલીને તે મઠમાં પહોંચ્યો. ગુઢએ કુંગને જ આવકાર આપ્યો. મુલાકાતનું કારણ પૂછયું. કુંગ કહે : ‘તમે જે નવો વિચાર સમાજમાં ફેલાવી રહ્યા છો તે વિશે શાસ્ત્રાર્થ કરીને નક્કી કરી લઈએ કે કોણ સાચું છે, કોણ શ્રેષ્ઠ છે, કોનો મત સાચો છે ?’ બન્ને કબૂલ થયા. દિવસ મુકરર થયો. મોટી સભા ભરાઈ. માસ્ટર કુંગે પ્રથમ વાત માંડી. સવારથી સાંજ સુધી પોતાનો મત સાચો ઠેરવવા અનેક દાખલા, દલીલો સાથે ગ્રંથોના ઉતારા ટાંકી બતાવ્યા. ગુઢ શાંતિથી સાંભળી રહ્યા. સહુએ આભાર માન્યા. સહુ વિખરાયા. કુંગને થયું : ‘પોતે જીવી જશે.’ બીજે દિવસે ગુઢનો વારો આવ્યો. ગુઢ કહે: ’ મારે તો ફકત બે જ સૂત્રો કહેવાનાં છે. મારો નવો પંથ બે સૂત્રો ઉપર મંડાયેલો છે.

એક : ‘કોઈનું બુઢં ન કરો.’
બીજું : ‘કલ્યાણનું કાર્ય કરો.’

આટલું બોલી ગુઢ બેસી ગયા. માસ્ટર કુંગ ઊછળી પડયા ! ગુસ્સામાં આવી ગયા ! વાયુદ્ધને બદલે દ્વંદ્વયુદ્ધ કરવા જાણે તૈયાર થયા. કહે: ‘ દિવસો સુધી કષ્ટ વેઠીને, સેંકડો માઈલ ચાલીને, કેટલાય ગ્રંથો લઈને હું અહીં આવ્યો. કલાકો સુધી માઢં બધું જ જ્ઞાન અહીં ઠાલવ્યું. હું તો હવે ઘરડો થયો છું ત્યારે થયું કે કોનો માર્ગ ઉત્તમ છે તેનો ફેંસલો કરી લઈએ, ત્યારે તમે તો પેલા ચાર વર્ષનો બાળક ગોખેલાં બે વાકયો બોલે તેમ બોલીને છટકી જવા માગો છો ? આ તો મારી મજાક છે. વાદ કરો કે હાર સ્વીકારો!’ ઝેન ગુઢ કહે: ‘નવાઈની વાત તો એ લાગે છે કે ચાર વર્ષના બાળકને આવડતાં બે સૂત્રો પ્રમાણે એંશી વર્ષના પંડિત જીવી શકતા નથી તેનું શું કારણ?’

# ખેતલીની વાર્તા

**(૩૭) ઝામરો**

કારણ : વિરૂધ્ધ આહારના સેવનથી પિત્તદોષ થાય છે. પરિણામે ઝામરો થાય છે.
૧. મેંદીનાં પાન પાણી સાથે વાટી, ઝામરા ઉપર લેપ કરી, પાટો બાંધવો.
૨. તકમરિયાં પાણી સાથે વાટી ઝામરા પર લગાડી પાટો બાંધવો.
૩. કાચા કેળાની છાલ ઝામરા પર બાંધવાથી ઝામરાની બળતરા અને વેદના ત્વરિત મટે છે.

**(૩૮) તજાગરમી**

કારણ : વધુ તપડતા ભારે તેમજ વાયુકારક પદાર્થોના સેવનથી તેમ જ અતિશય ઠંડીમાં પગમાં ચીરા પડેછે.
૧. એક વાસણમાં એરંડિયું ગ્રામ સો તથા કોકમના ઘીનો ભૂકો ગ્રામ સો લઈ, તેને ધીમે તાપે ગરમ કરવું. ગરમ થઈને પ્રવાહી થાય ત્યારે બીજા વાસણમાં ઝીણા કપડાથી ગાળી લેવું. તેમાં તરત જ ઝીંક ઓકસાઈડ ગ્રામ દસ તથા સાચો સિંદૂર ગ્રામ દસ નાખીને ઠરે ત્યાં સુધી હલાવવું, જેથી સિંદૂર અને ઝીંક ઓકસાઈડ નીચે ન બેસી જાય. આ મલમ લગાડવાથી હાથપગ, હોઠ ફાટેલા હોય તે તથા ચીરા મટે છે. ચામડી સુંવાળી અને મુલાયમ બને છે. આ મલમ કઠણ બને છે, પરંતુ લગાડવાથી નરમ થઈ જાય છે.

**(૩૯) તાવ**


**કારણ** : વમન, વિરેચનના અતિયોગથી, રૂક્ષ અને વધુ પડતા ઠંડા આહારથી, ઝાડો–પેશાબના વેગને અટકાવી રાખવાથી, ઉજાગરાથી, અતિ સ્ત્રીસેવનથી, ભય, શોક તેમ જ રક્તનો

**સૌનું આરોગ્ય**
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ




અતિસ્ત્રાવ થવાથી વાયુ પ્રકોપ પામીને જવર (તાવ) ને ઉત્પન્ન કરે છે.
૧. તાવમાં ઉપવાસ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.
૨. તુલસીનાં પાન અને કાળાં મરી નંગ–બે, ખૂબ ચાવી ચાવીને ખાવાથી મેલેરિયા તાવ મટે છે. ૩. મામેજવો ભાદરવા માસમાં પાકે છે, ત્યારે લાવી તેને ધોઈ છાંયે સૂકવી દેવો. તે સૂકવેલ મામેજવો પાંચસો ગ્રામ લઈ તેમાં એકસો પચીસ ગ્રામ કાળાં મરી મેળવી ખાંડીને વસ્ત્રગાળ ચૂર્ણ કરી લેવું. આ ચૂર્ણ દિવસમાં ત્રણ વખત અર્ધી–અર્ધી ચમચી પાણી સાથે લેવાથી ટાઢવાઈને આવતો મેલેરિયા તાવ મટે છે. આ ચૂર્ણ સુદર્શનચૂર્ણ કરતાં પણ વધુ ફાયદો કરે છે. ૪. પિત્તજવર : લીમડાની ગળો લાવી તેના નાના નાના ટુકડા કરી સહેજ છૂંદીને રાત્રે અડધો ગ્લાસ પાણીમાં પલાળી, ગાળી તેમાં બે ચમચી મધ નાખી સવારમાં પીવાથી પિત્તજવર (તાવમાં–પિત્તના લક્ષણો જણાય તે) મટે છે. **કફજવર** : અરડૂસી, ભોરંગમૂળ, બહેડાં, મોથ, લીંડીપીપર, જેઠીમધ, ષટકચૂરો, અને કાયફળ સમાન ભાગે લઈ વિધિવત કવાથ કરી, સવારે તથા રાત્રે પીવાથી કફજવર (તાવમાં કફનાં લક્ષણો જણાય તે) મટે છે.
૬. વાતજવર : અર્ધો ગ્લાસ પાણી લઈ તેને ખૂબ ગરમ કરવું. પાણી ખૂબ ગરમ થયેથી તેમાં એક તોલો સુદર્શનચૂર્ણ નાખી, અગ્નિ પરથી નીચે ઉતારી ઢાંકી દેવું. ઠડું થયેથી સવારે તથા રાત્રે ગાળીને પીવાથી વાતજવર (તાવમાં વાયુના લક્ષણો જણાય તે) મટે છે. ૭. જીર્ણજવર : ગળોનો રસ અર્ધો તોલો મધ નાખી સવાર–સાંજ પીવાથી જીર્ણજવર મટે છે. આ પ્રયોગ એકાદ બે માસ કરવો જરૂરી છે. ૮. તાવનું સર્વોત્તમ એષધ કડુ છે. તેથી જરૂર જણાયે કડુ અને સાકરનું સમાન વજને ચૂર્ણ બનાવી સવારે બપોરે તથા રાત્રે નાનાએ એક ચણા જેટલું અને મોટાએ બે વાલ જેટલું પાણી સાથે લેવું. આથી પેટનો જૂનો મળ દૂર થશે. પેશાબ સાફ આવશે અને તાવ ઊતરી જશે. કડુ એ દરેક પ્રકારના તાવનું ખૂબ જ અસરકારક એષધ છે. કડુના સેવનથી પેટમાં ચૂંક નીકળે તો અર્ધી ચમચી અજમા, ચપટી સંચળ સાથે ચાવી જવા.


# આ મારું ચિત્ર છે



**રાઠોડ ખુશી નિર્મળભાઈ**
(ધોરણ–૮ શ્રી ઓકસ્ફર્ડ સ્કુલ ઓફ સાયન્સ)



**મહિડા ધર્મેશ નરેશભાઈ**
(ધોરણ – ૧૦, પ્રજ્ઞા વિનય મંદિર)



**દાફડા વંશ મહેશભાઈ**
(ધો.૩ રૂપાયત પ્રા. શાળા)




**રૂપલ રસિકભાઈ ડાભી**
(ધોરણ. –૮ પાણિયા પ્રા.શાળા)

# અમરેલી ખાતે સારહિ કલબનાં નેતૃત્વમાં વિવિધ સંસ્થાઓ દ્વારા "રતન તાતા"ને શ્રધ્ધાસુમન અર્પણ કરાયા



અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં દેશનાં ગૌરવવંતા ઉદ્યોગપતી રતન તાતાનુ અવસાન થતાં સદ્‌ગતને સારહિ યુથ કલબના નેતૃત્વમાં લાયન્સ કલબ, રોટરી કલબ, ડીસ્ટીકટ ચેમ્બર, ઈનર વ્હીલ કબલ સહિતનાં સંસ્થાઓનાં પ્રતિનિધિઓએ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

## અમરેલીમાં બેટી બચાઓ બેટી પઢાઓ અન્વયે અમરેલી કોફી વિથ કલેકટર કાર્યક્રમ સંપન્ન

અમરેલી, તા. ૧૧

સમગ્ર વિમાં તા. ૧૧ ઓકટોબરે 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં પણ આ ઉજવણી કરવામાં આવે છે.

બેટી બચાવો બેટી પઢાઓ યોજના અન્વયે દીકરીઓનાં સર્વાંગી વિકાસ, રક્ષણ અને સલામતી માટેના વિવિધ તાલીમ અને કાર્યક્રમોનું આયોજન અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા તા. ૨ થી તા. ૧૧ ઓકટોબર દરમિયાન કરવામાં આવ્યું.

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને કોફી વીથ કલેકટર કાર્યક્રમ યોજાયો હતો. રમત ગમત, શિક્ષણ, એન.સી.સી., કળા સહિત વિવિધ ક્ષેત્રમાં ઝળહળતી સિધ્ધિ હાંસલ કરી છે તેવી દીકરીઓ સાથે સંવાદ કર્યો હતો.

અમરેલી જિલ્લા મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા બુધવારે 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં રમત ગમત, શિક્ષણ, કલા સહિતના ક્ષેત્રે સફળતા મેળવનાર વિદ્યાર્થીનિઓનો, અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની પ્રેરક ઉપસ્થિતિમાં 'કોફી વીથ



કલેકટર' કાર્યક્રમ યોજાયો હતો.

વિવિધ ક્ષેત્રમાં અસધારણ સફળતા મેળવનાર વિદ્યાર્થીનિઓને જિલ્લા કલેકટરએ બિરદાવી, વિદ્યાર્થીનિઓના અનુભવો જાણ્યા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને તેની તૈયારીઓ, સરકારી સેવા, તત્વજ્ઞાન, રમત ગમત ક્ષેત્રનો વિકાસ સહિતના વિવિધ વિષયો પરના વિદ્યાર્થીનિઓના પ્રશ્નના ઉત્તર પણ અમરેલી જિલ્લા કલેકટરએ આપ્યા હતા.

'કાફી વીથ કલેકટર' કાર્યક્રમ જિલ્લા કલેકટરએ કહ્યુ કે, કારકિર્દીલક્ષી સફળતા મેળવવા માટે જીવનમાં સાતત્યપણું હોવું અને તે જાળવીરાખવું ખૂબ જરૂરી છે. કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે અગાઉથી તૈયારી કરવી અને રોજે–રોજ તેની તૈયારી કરતી રહેવી જોઈએ, સાતત્યથી સફળતા મળે છે. જીવનમાં પ્રેરણા જરૂરી છે પરંતુ સફળતા માટે સાતત્યપણું કેળવવું પડે.

કલેકટરએ ઉમેર્યુ કે, નિયમિત અને આયોજનબદ્ધ તૈયારીથી કોઈ પણ કામમાં સફળતા મળે છે. નિષ્ફળતા અંતિમ નથી પરંતુ સફળતાનો જ એક ભાગ છે. વ્યક્તિને જયારે નિષ્ફળતા પ્રાપ્ત થાય ત્યારે જ તેના મજબૂત ચરિત્રની કસોટી હોય છે આવા સમયે પોતાના લક્ષ્યને વળગી રહીને સતત પ્રયાસો કરતા રહેવાથી લક્ષ્યવેધ કરી શકાય છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ, વિદ્યાર્થિનિઓના રાજય જાહેર સેવા આયોગ અને સંઘ જાહેર સેવા આયોગની પરીક્ષાઓ વચ્ચેનું અંતર સમજાવ્યું હતું.

દીકરીઓના ઉજજવળ ભાવિ, સ્વવિકાસ, કારકિર્દી ઘડતર વિષયક માર્ગદર્શન અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવ્યું અને તેમને તેમના ભવિષ્ય ઘડતર તેમજ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

કાર્યક્રમમાં જિલ્લા અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. મનિષાબેન મુલતાની, દહેજ પ્રતિબંધક અને મહિલા અને બાળ કચેરીના કર્મયોગીઓ અમરેલી જિલ્લા સ્પોટર્સ સ્કૂલ, વિદ્યાસભા, દીપક હાઈસ્કૂલ, બગસરા મેઘાણી હાઈસ્કુલ, લુણીધાર એલ.જે. એજયુકેશન, સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરૂકુળ સહિત વિવિધ શાળાઓ સહિતની વિદ્યાર્થિનિઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.


### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ અગવાન ફારૂક રહેમાનભાઈ હતું તે બદલીને નવું નામ અગવાન ફારૂકભાઈ રહેમાનભાઈ રાખેલ છે.

એડ્રસ : જુમ્મા મસ્જીદ શેરી બાબરા, પોસ્ટ.બાબરા, જી.અમરેલી (ગુજરાત) ૩૬૫ ૪૨૧

### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ અગવાન જેનુબેન રહેમાન હતું તે બદલીને નવું નામ અગવાન જેનુબેન રેમાનભાઈ રાખેલ છે.

એડ્રસ : જુમ્મા મસ્જીદ શેરી બાબરા, પોસ્ટ.બાબરા, જી.અમરેલી (ગુજરાત) ૩૬૫ ૪૨૧

### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ અગવાન હમીદા ઈમરાન હતું તે બદલીને નવું નામ અગવાન હમીદાબેન ઈમરાનભાઈ રાખેલ છે.

એડ્રસ : જુમ્મા મસ્જીદ શેરી બાબરા, પોસ્ટ.બાબરા, જી.અમરેલી (ગુજરાત) ૩૬૫ ૪૨૧

### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ અગવાન અનીષાબેન ઈરફાનભાઈ હતુ તે બદલીને નવું નામ અગવાન અનીસાબેન ઈરફાનભાઈ રાખેલ છે.

એડ્રસ : જુમ્મા મસ્જીદ શેરી બાબરા, પોસ્ટ.બાબરા, જી.અમરેલી (ગુજરાત) ૩૬૫ ૪૨૧

### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ અગવાન ઈરફાન રહેમાનભાઈ હતુ તે બદલીને નવું નામ અગવાન ઈરફાનભાઈ રેમાનભાઈ રાખેલ છે.

એડ્રસ : જુમ્મા મસ્જીદ શેરી બાબરા, પોસ્ટ.બાબરા, જી.અમરેલી (ગુજરાત) ૩૬૫ ૪૨૧


### પીસી–પી.એન.ડી.ટી અન્વયે

## અમરેલી ખાતે જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે પીસી–પી.એન.ડી.ટી એકટ અન્વયે જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં ગત બેઠકની કાર્યવાહી નોંધ, ઓડિટ રિપોર્ટને બહાલી આપવામાં આવી હતી. તાલુકાવાર જાતિ દર બાબતે સમીક્ષા કરવામા આવી હતી. ઓછો જાતિ દર ધરાવતા તાલુકામાં સ્ટીંગ–ડિકોય ઓપરેશનો હાથ ધરવામાં આવશે.

દરેક કિલનિકનું ૧૦૦ટકા વેરીફીકેશન થાય તે જરૂરી હોય તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓને આ અંગે તકેદારી રાખવા સૂચન કરવામાં આવ્યુ. સમાજમાં દીકરીઓની સંખ્યા વધે તે માટે તાલુકા કક્ષાએ જનજાગૃત્તિના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. બેઠકમાં સમિતિના વિવિધ સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદનાં નાગેશ્રી ખાતે**

જાણેલ કે સવારના પોતાના દિકરા જયદીપના મોબાઈલ ફોનમાં આરોપી અંકુશની બહેનનો ફોન આવેલ અને તેના ઘરે બોલાવેલ હોય. જેથી જયદિપ બપોરના સમયે આરોપી અંકુશના ઘરે ગયેલ હતો. તે દરમ્યાન આરોપી અંકુશ સાથે કોઈ અણબનાવ બનતા આરોપીએ જયદિપને પેટના ભાગે છરીનો એક ઘા મારી દઈ ગંભીર ઈજા પહોંચાડી જયદીપનું મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાતા નાગેશ્રી પોલીસ સ્ટેશનનાં અધિકારી દ્વારા તપાસ હાથ ધરી હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ દ્વારા અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે નાગેશ્રી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર પી.વી. પલાસ તથા નાગેશ્રી પોલીસ સ્ટાફ દ્વારા નાગેશ્રી પોલીસ સ્ટેશનનાં બી.એન.એસ.–૨૦૨૩ની કલમ ૧૦૩((૧) તથા જીપી એકટ–૧૩૫ મુજબના ગુન્હાનો આરોપી અંકુશ ઉર્ફે હકો મનુભાઈ બાંભણીયા (રહે. મીઠાપુર, તા. જાફરાબાદ) ગંભીર પ્રકારનો ખૂનનો ગુન્હો કરી નાસી ગયેલ હોય જેથી મજકુર આરોપીને બાતમી હકીકત આધારે ગણતરીની કલાકોમાં પકડી પાડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં મહિલા સાથે દુષ્કર્મની**

અધિકારીઓને જણાવેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ મહિલા પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડા દ્વારા આ મહિલા જયાં છે ત્યાં રૂબરૂમાં મોકલી વિડીયોગ્રાફીથી નિવેદન લેતા આવી કોઈ દુષ્કર્મની ઘટનાને સમર્થન આપેલ નાહતું. તેમજ આ કહેવાતી ઘટના અંગે કોઈ વ્યકિત દ્વારા લેખીત, મૌખિક કે ટેલીફોનીક રીતે પોલીસ વિભાગને ફરિયાદ કરવામાં આવેલ નથી. વાયરલ મેસેજ અંગે તટસ્થ તપાસ કરાવતા કહેવાતો દુષ્કર્મનો કોઈ બનાવ બનેલ નહી હોવાનું પણ જણાય આવેલ છે.

મહિલા અત્યાચારના ગુનાઓ પ્રત્યે અમરેલી પોલીસ સંવેદનશીલ છે. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા બાતમી મળ્યેથી દેહ વ્યાપારના ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે. જણાવવામાં આવેલ કોમ્પ્લેક્ષના રહીશો દ્વારા દેહ વ્યાપાર અંગેની આવી કોઈ જાણ પોલીસને કરવામાં આવેલ નથી.

અગાઉડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહિલા અત્યાચાર અંગેનો વિડીયો પોલીસ પાસે આવેલ. ત્યારે પોલીસ દ્વારા યુવતીની ઓળખ મેળવી, તેના પરિવારનો સંપર્ક કરી, ભોગ બનનાર યુવતીની ફરિયાદ લઈ તમામ આરોપીઓ ઉપર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લા પોલીસ મહિલા અત્યાચારના ગુનાઓ પ્રત્યે સતત સંવેદનશીલ છે. અમરેલી જિલ્લાની જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે તમારી આજુ બાજુમાં આવી કોઈ ઘટના બનવા પામે ત્યારે તાત્કાલિક અમરેલી જિલ્લા પોલીસ કન્ટ્રોલ રૂમ ટેલીફોન નં.૧૦૦ અથવા (૦૨૭૯૨) ૨૨૩૪૯૮ ઉપર અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા જણાવવામાં આવે તેમ જિલ્લા પોલીસ અધિક્ષકે પ્રેસ કોન્ફરન્સના અંતમાં જિલ્લા રહીશોને અપીલ પણ કરી હતી.

### આમ આદમી પાર્ટીનાં અગ્રણીનો આક્ષેપ

## સાવરકુંડલા : મામલતદાર કચેરી નજીક ઝેરોક્ષ સંચાલક દ્વારા ગ્રાહકો પાસેથી વધારે રકમ લેવાઈ

### સરકાર યોજનાના ફોર્મનું પણ ગેરકાયદેસર વેચાણ શરૂ

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલાનાં આમ આદમી પાર્ટીનાં દીલાવરભાઈ ગોરીએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે સાવરકુંડલા મામલતદાર કચેરી સામે ઝેરોક્ષની દુકાનમાં ભાવ અહિંયા રૂા.૩ નાની એક ઝેરોક્ષ લેખે ભાવ આપે છે. ભાવ ગરજના લઈ છે. અહિયા મામલતદાર કચેરીમાં અરજદારો કામ અરજી ના કરવા અર્થ આવતા હોય. જેની પાસે ગરીબ માણસો પાસેથી ગરજના ભાવ લેતા હોય જેમાં અમો પોતે જાતે ઝેરોક્ષ કરવા ગયેલ હોય. અને અમારી પાસેથી રૂા. ૩ની ઝેરોક્ષના ભાવ લીધેલ છે.

આ ઝેરોક્ષ ધારક સામે કાયદેસરની કાર્યવાહી કરવી સરકારી ફોર્મના નાણા લઈને વેપાર કરે છે. ચેકિંગ કરવા અમારી માનસરની અરજ છે.

સમાવાળા ઝેરોક્ષ ધારક ગેરકાયદેસ લોકો પાસેથી ખોટી રીતે ભાવ વધારો લેતો હોય અને ગેરકાયદેસર સરકારી મુદાના ફોર્મનું વેચાણ કરતા હોય. જે કાનુની રીતે ગેરકાયદેસર છે. અને સરકારની વિરૂધ્ધ પ્રવૃતિ છે. અને તે પણ નાણાકિય રીતે ગરીબ માણસોનું શોષણ કરતા હોય, આ ઝેરોક્ષના સંચાલક સામે સાવરકુંડલા ટાઉનમાં એફ.આઈ.આર. કરવા માંગ કરવામાં આવી.

### પ્રાકૃતિક કૃષિના પદ્ધતિસર શિક્ષણ માટે કોલેજ શરૂ થતાં વિદ્યાર્થીઓને લાભ

## અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના વિદ્યાર્થીઓએ પાંજરાપોળ ગૌશાળાની મુલાકાત લીધી

### વિદ્યાર્થીઓએ દેશી ગાયનું મહત્વ અને ગાયના ઉછેર વિષયક વિગતો મેળવી

અમરેલી, તા. ૧૧

નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી હાલોલનું નવું કેમ્પસ, અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ શરૂ કરવામાં આવ્યુ છે. અમરેલી ખાતેની આ નવી કોલેજમાં હાલ ૪૦ વિદ્યાર્થીઓએ બી.એસસી.એન.એફ કોર્ષમાં પ્રવેશ મેળવ્યો છે. અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના વિદ્યાર્થીઓએ પાંજરાપોળ ગૌશાળાની મુલાકાત લીધી હતી.

કોલેજનું મુખ્ય કાર્ય રાજય અને દેશભરમાં પ્રાકૃતિક કૃષિના વિજ્ઞાન એટલે કે, તે વિષયક શિક્ષણ, સંશોધન, અને વિસ્તરણના માધ્યમથી પ્રાકૃતિક કૃષિનો પ્રચાર–પ્રસાર કરવાનું છે.

કોલેજના નવનિયુકત આચાર્ય દેશમુખ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક બી.ડી. મકવાણા, જુનિયર



રિસર્ચ ફેલો પી.આર. જોગાણી સહિત કોલેજના વિદ્યાર્થીઓએ પાંજરાપોળ ખાતે દેશી ગાય વિષયક વિજ્ઞાનની બાબતો અંગે સંવાદ કર્યો હતો.

ગૌશાળાના મંત્રી દિલીપભાઈ પરીખ, ગૌશાળા મેનેજર કેતનભાઈ પોપટ દ્વારા વિદ્યાર્થીઓને દેશી ગાયનું મહત્વ, ગાયનું લાલન–પાલન, ઉછેર કેવી રીતે કરવા ? દેશી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ સહિતની બાબતોની વિસ્તૃત વિગતો અને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નોત્તરી કરી હતી. દેશી ગાય આધારિત કૃષિમાં જીવામૃત કેવી રીતે બનાવવું ? તે બાબતે વિદ્યાર્થીઓને પ્રેકિટકલ સાથે સમજ આપવામાં આવી હતી, તેમ અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **ધારીમાં ગરબે રમતાં**

કારણ બને છે. તેવા જ એક કિસ્સામાં ગરબે રમતા ધારીના ૩૭ વર્ષીય યુવાનનુ હાર્ટએટેકથી મોત થતા ભારે ગમગીની છવાય ગયેલ છે.

ધારીના ખાનગી રિસોર્ટમાં નવરાત્રીના આઠમાં નોરતે ચાલતી પાર્ટી પ્લોટમાં રાસ રમતા ૩૭ વર્ષીય જાગૃત હરીભાઈ ગુર્જરવાડીયા રાસ રમતા અચાનક આવતા ઢળી પડયા હતા. જેથી આ યુવકને ખાનગી હોસ્પીટલમાં ખસેડાયો હતો. જયા આ યુવકને ડોકટરે મૃત જાહેર કર્યો હતો. જાગૃતભાઈ ૧૦ વર્ષથી રાસ ગરબાની પ્રેકિટસ કરાવતા અને ખાનગી શાળામાં ડાન્સર શિક્ષકની ફરજ બજાવતા હતા. ડાન્સર શિક્ષકના મોતથી ધારી પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતુ.

# બાબરામાં પાલિકા પ્રમુખ કરકરના અધ્યક્ષ સ્થાને પાલિકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરના અધ્યક્ષ સ્થાને નગરપાલિકા કક્ષાનો દસમો તબબકો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ તકે નગરપાલિકા પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, પૂર્વ ઉપ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, અલતાફભાઈ ગોગદા, રાજુભાઈ રંગપરા સહિત નગરપાલિકા સભ્યો, સ્થાનિક ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અહીં નાગરિક બેન્ક ચોક ખાતે પાલિકાના સીટી સિવિક સેન્ટર ખાતે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં આવક–જાતિના દાખલા, રેશનકાર્ડ કેવાયસી કામગીરી, હેલ્થના, માં કાર્ડ, પીએમજેવાય, કૃષિપશુપાલન, સમાજ કલ્યાણ, આદિ જાતિ સહિત વિભાગની કામગીરી તેમજ અન્ય આર્થિક સહાય યોજનાઓનો સ્થળ ઉપર સેવાઓ આપવામાં આવી હતી.

# અમરેલી : ગજેરા સ્કૂલમાં સિધ્ધિ પ્રાપ્ત કરેલ વિધાર્થીઓનું કલેક્ટર દ્વારા સન્માન થયુ






અમરેલી, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરાસંચાલીતસ્કુલવિભાગના વિદ્યાર્થીઓ કે જેઓ રમત-ગમત, સાંસ્કૃતિક કે સાહિત્કિ સ્પધાઓમાં સિધ્ધી પ્રાપ્ત કરેલ હોય તેઓને માનનીય જિલ્લા કલેક્ટરઅજયદહિયા,અનેજિલ્લાવિકાસ અધિકારી પી.બી.પંડ્યા દ્વારા "કોફી વિથ કલેક્ટર" કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ સિધ્ધી મેળવેલ તે ક્ષેત્ર અંગે કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી સાથે કારકિર્દી લક્ષી માર્ગદર્શન અંગે ચર્ચાઓ કરવામાં આવેલ. બન્ને સાહેબઓએઆંતરાષ્ટ્રિયબાલિકાદિવસની ઉજવળી નિમિતે દિકરીઓના સર્વાંગી વિકાસ, રક્ષણ અને સલામતી માટે વિવિધ કાર્યક્રમોકરી "બેટીબચાવો" "બેટીપઢાવો" યોજનાનેસમર્થનઆપ્યુંહતુ. કલેકટર દ્વારા કાર્યક્રમનુંપ્રેરણારૂપઆયોજન કરવાબદલ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈપેથાણી દ્વારા માનનીય કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીનોઆભારવ્યકતકરવામાંઆવ્યો હતો. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારાવિદ્યાર્થીઓનીસિધ્ધીબિરદાવીહતી અનેઆ કાર્યક્રમ દ્વારા અન્ય

## રાજુલા : ''યુવા વર્ગની સહભાગિતા'' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન

અમરેલી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએગુજરાતરાજયમાંમુખ્યમંત્રીતરીકે પદભારસંભાળીર૩વર્ષઅગાઉરાજયની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરનેવધાવવામાટેરાજયસરકારદ્વારા સમગ્ર રાજયમાં ઓકટોબર ૨૦૨૪ની તા.૦૭ થી તા.૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

'યુવા વર્ગની સહભાગિતા' વિષય પર રાજુલા આઈ.ટી.આઈ. ખાતે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી, વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. રાજયની વણથંભી વિકાસયાત્રાના ૨૩ વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', વિકસિત ભારતના સૂત્રને સાકાર કરવા 'ભારત વિકાસ'ની પ્રતિજ્ઞાનું આહ્વાન કરવામાં આવ્યુ છે.



વિકાસ સપ્તાહ અંતર્ગત સમગ્રઅમરેલીજિલ્લાનીવિવિધશાળાઓ અને કોલેજ કક્ષાએ નિબંધ, ચિત્ર, વકૃત્વ સહિતનીવિવિધસ્પર્ધાઓયોજવામાંઆવી રહી છે તેમજ જિલ્લાના નાગરિકો, વિદ્યાર્થીઓ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', 'વિકસિત ભારત' સૂત્રને સાકાર કરવા રાષ્ટ્ર નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈ રહ્યા છે.

## બાબરા ખાતે શ્રી મોમાઈ માતાજીના મંદિરે પોપટ પરિવાર દ્વારા છપ્પન ભોગ ધરાયો

બાબરા, તા. ૧૧

બાબરામાં હવેલી શેરીમા આવેલ લોહાણા સમાજના પોપટ પરિવારનાકુળદેવીશ્રીમોમાઈ માતાજીનાં મંદિરે છપ્પન ભોગ ધરવામાં આવ્યો હતો જેમાશહેરમાંવસતાદરેકપોપટપરિવાર તરફથી માતાજીને ભોગ ધરવામાં આવ્યો હતો.નવરાત્રીમાં ભગવતી શ્રી મોમાઈ માતાજી ને છપ્પન ભોગ અર્પણ કરી તેના દર્શનઅને પ્રસાદનો લાભ મેળવી સમગ્ર પોપટ પરિવારે ધન્યતાની લાગણી અનુભવી હતી.



## બાબરા : નિસર્ગ ઈકો કલબ ગળકોટડી પ્રા.શાળા દ્વારા 'વન્યજીવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી

બાબરા, તા. ૧૧

ગીર ફાઉન્ડેશન તથા ગળ કોટડી પ્રા.શાળા સંચાલિત નિસર્ગ ઈકો કલબ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ વન્યજીવ સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીના ભાગ રૂપે શાળાના ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ વચ્ચે સૂત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૪૨ વિદ્યાર્થી ભાઈઓ બહેનો એ ભાગ લીધો હતો. ઉપરાંત આ ઉજવણીના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓ માટે એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. ઉપરાંત શાળાના તમામ વિદ્યાર્થીઓએ વન્યજીવ તથા સંપદાના રક્ષણના સંકલ્પ લીધા હતાં. બાળકોમાં કુદરત તથા વન્ય સંપદા, જીવો પ્રત્ય અનુકંપા જાગે એવા હેતુથી 'વનવગડાના ધબકાર'ટાઈટલ સાથેનું સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું હતું. આ સાહિત્યનું સંકલન શાળાના આચાર્ય દીપકભાઈ દવે દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. આ સાહિત્ય કુલ - ૧૦૦૦ વિદ્યાર્થીઓ સુધી



નિસર્ગ ઈકો કલબ દ્વારા નિઃશુલ્ક પહોચતું કરવામાં આવ્યું હતું.

આ ઉજવણીનું આયોજન તથા સંકલન ઈકો ઈન્ચાર્જ દીપકભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. શાળા પરિવારના ભાઈઓ બહેનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જશેમત ઉઠાવી હતી.

### જિલ્લા કલેક્ટર અજય દહિયાની પ્રેરક ઉપસ્થિતિમાં

## ઉદ્યોગ સાહસિકો, ડ્રોન અને લખપતિ દીદી, વેપારી અને ઔદ્યોગિક મંડળોના હોદેદારો સાથે વિદ્યાર્થીઓએ વાર્તાલાપ કર્યો

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના માધ્યમથી લોન પ્રાપ્ત કરનારા લાભાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યા**

અમરેલી, તા.૧૧

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શુક્રવારે અમરેલી પ્રતાપરાય આર્ટ્સ કોલેજ ખાતે ઉદ્યોગ સાહસિકતા દિનની ઉજવણી અંતર્ગત 'ઉદ્યોગ સાહસિકતા-ઈનોવેશન અને ચેલેન્જિસ' વિષય પર ટોક શો યોજાયો હતો.

કાર્યક્રમમાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પેનલ દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા. ઉદ્યોગ માટે સરકારની યોજનાઓ અને સબ્સિડીની વિગતો વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવી હતી.

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના વેપારી મંડળ, ઉદ્યોગ મંડળ અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉદ્યોગ ક્ષેત્રનાઈનોવેશનઅંગેવિશેષચર્ચાકરવામાં આવી હતી.

ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું છેલ્લા ૨૩ વર્ષમાં કોટન, ખેત ઓજાર, ખાદ્યતેલ, આઈસક્રિમ અને મિલ્ક પ્રોડકટસ સહિતના ઉદ્યોગો ક્ષેત્રે અમરેલી જિલ્લો પ્રગતિના પંથે છે. આ ક્ષેત્રોમાં રોજગારી ઉત્પન્ન થઈ છે. ઉદ્યોગ સાહસિકો અમરેલી જિલ્લામાં સરકારની યોજનાઓનો અને સહાયનો લાભ લઈ ઉદ્યોગો સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

અમરેલીમાં રહીને ઔદ્યોગિક પ્રગતિ કરી શકાય છે, ઉદ્યોગના શરૂઆતના તબક્કામાં વિવિધ સરકારી યોજનાઓનો લાભ લીધો હતો તેવા અમરેલીના જાણીતા ઉદ્યોગપતિ ભૂપતભાઈ ભુવાએ પોતાના આઈસક્રિમ ઉદ્યોગની સફળતા વર્ણવી હતી. તેમણે કહ્યુ કે, અમરેલીમાં રહીને પાનની એક દુકાનથી શરૂ કરી આઈસ્ક્રિમ, સ્નેકસ અને મિલ્કપ્રોડકટસનું ઉત્પાદન કરી તેમની કંપની વિશ્વના અનેક દેશમાં મેડ ઈન અમરેલી ઉત્પાદનોની નિકાસ કરે છે. અંદાજે ૧,૦૦૦ વ્યક્તિઓ માટે રોજગારીનું સર્જન થયું છે.

અમરેલી પોલિટેકનીકના પ્રાધ્યાપક એન.ડી. ગોસ્વામીએ, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ વિશે વિગતો આપી હતી. તેમણે કહ્યુ કે, સરકાર દ્વારા વિદ્યાર્થીઓના ઈનોવેશન અને પ્રોડકટ સુધી લઈ જવાની પ્રક્રિયામાં રૂ.૦૨ લાખ સુધીની સહાય છે. ઉત્પાદ, ઉત્પાદન પ્રક્રિયા અને સેવા ક્ષેત્રમાં મૂલ્યવર્ધન કરી અને સફળતા મેળવી શકાય છે. અમરેલીના મહિલા ખેડૂત અને સખીમંડળ દ્વારા આશરે વાર્ષિક ૧૫૦ કરોડનું ટર્નઓવર કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરનાર ડ્રોન-લખપતિ દીદી ભાવનાબેન ગોંડલિયાએ કહ્યુ કે, અમરેલી જિલ્લામાં પ્રથમ મહિલા ડ્રોન પાઈલટ તરીકે તેમણે તાલીમ સંપન્ન કરી, રૂ.૧૫ લાખની કિંમતનું ડ્રોન સરકાર દ્વારા આપવામાં આવ્યું હતું. આ ડ્રોનના માધ્યમથી ચાલુ વર્ષમાં ૩૫૦ એકર જમીનમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. મહિલાઓ ડ્રોન દીદી બનીને દવા છંટકાવના કાર્યક્રમને વ્યવસાય બનાવીને મહિને રૂ.૫૦,૦૦૦ સુધીની આવક પ્રાપ્ત કરી શકે છે.

કાર્યક્રમમાં બાજપાઈ બેંકબલ, પીએમ વિશ્વકર્મા યોજના અંતર્ગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના માધ્યમથી લોન પ્રાપ્ત કરનારા લાભાર્થીઓને એવોર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના એમ.એસ.એમ ઈ.ડી.આઈ વિભાગના આસિસ્ટન્ટડાયરેકટરસોલંકી, અમરેલી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર જનરલ મેનેજર ભાટીયા, અમરેલી શહેર મામલતદાર, અમરેલી જિલ્લા ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, અમરેલી વેપારી મહામંડળના પ્રમુખ બિરજુભાઈ અટારા, અમરેલી લઘુઉદ્યોગભારતી પ્રમુખ દિવ્યેશભાઈ વેકરિયા, અમરેલી સ્મોલ સ્કેલઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન પ્રમુખ ચંદુભાઈ ચાવ, અમરેલી ઓઈલમિલ એસોસિએશનના પ્રમુખ કાંતિભાઈ વઘાસિયા, ઉદ્યોગપતિ ભૂપતભાઈ ભૂવા, કેશિકભાઈ ગોકરવાડીયા, અમરેલી પ્રતાપરાય આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય અતુલભાઈ પટેલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓ, કર્મયોગીઓ, કોલેજમાં કાર્યરત કર્મયોગીઓ, વિવિધ ક્ષેત્રના વેપારીઓ અને ઉદ્યોગ સાહસિકો, વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિતરહ્યાહતા.

## અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને સોશિયલ મીડિયા ઇન્ફલુએન્સર્સ મીટ યોજાઇ

અમરેલી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ પહેલા તા.૦૭ ઓકટોબર, ૨૦૦૧ના દિને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી ધૂરા સંભાળી હતી.

મુખ્યમંત્રી વડાપ્રધાન પદ સુધીની તેમની સફરમાં ગુજરાતનો વિકાસ કેન્દ્ર સ્થાને રહ્યો છે. રાજયની ૨૩ વર્ષની વણથંભી વિકાસયાત્રા વિશે જનજન સુધી જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી રાજયસરકાર દ્વારા ઓકટોબર-૨૦૨૪ તા.૦૭ થી તા.૧૫ સુધી સમગ્ર રાજયમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાનના ભાગરૂપે અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ સાથે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર અજય દહિયાએ, અમરેલી જિલ્લાના ગાયક કલાકાર વિમલભાઈ મહેતા, જયોતિષાચાર્ય રોહિતભાઈ જીવાણી, લેખક-કવિ અને કન્ટેન્ટ ક્રિએટર અર્જુનભાઈ દવે, કોરિયોગ્રાફર કેતનભાઈ મહેતા, શિક્ષક અને મોટીવેશનલ સ્પીકર કેવલભાઈ મહેતા, કન્ટેન્ટ ક્રિએટર ઘનશ્યામભાઈ ગેડીયા, વેપારી અને કન્ટેન્ટ ક્રિએટર અલ્તાફભાઈ લારીવાળા સાથે સંવાદ કર્યો હતો.

અમરેલી જિલ્લા કલેકટરએ કહ્યુ કે, રાજય સરકાર દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણીમાં અમરેલી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સરકારની જનકલ્યાણકારી કામગીરીને છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં સોશિયલ મીડિયાનો રોલ અગત્યનો છે. નાગરિકો સુધી રાજય સરકારની વિકાસયાત્રા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષમાં કરેલા વિકાસકાર્યોની જાગૃત્તિ નાગરિકો સુધી પ્રસરાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અમરેલી જિલ્લા કલેકટરએ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સના કાર્યક્ષેત્ર અને તેમના અમરેલી જિલ્લાના વિકાસના સંભવિત ક્ષેત્રો અને વર્તમાન સિદ્ધિની ચર્ચા કરી હતી. તેમણે ઉમેર્યુ કે, અમરેલી જિલ્લામાં વિકાસ તેજ ગતિથી આગળ વધી રહ્યો છે. નજીકના જિલ્લા મથકો સાથે ફોર લેન રોડ કનેકિટવિટ, ઉદ્યોગો માટે નવી પહેલ, પ્રવાસન ક્ષેત્રે થયેલા કાર્યો અને ભવિષ્યની સંભાવનાઓ પર રાજય સરકાર કામ કરી રહી છે. અમરેલી સર્વસમાવેશી વિકાસ સાથે આગળ વધી રહ્યું છે. રેલ, રોડ અને હવાઈ કનેકિટવિટી તેમજ દરિયાઈ માર્ગે વેપારની અનુકૂળતા હોવાથી અમરેલીમાં અનેક સંભાવનાઓ છે. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સને જિલ્લા વહીવટીતંત્ર વતી આયોજિત સમારોહમાં ઉપસ્થિતિ રહી અને કાર્યક્રમોનો બહોળી પ્રચાર-પ્રસાર કરવા જિલ્લા કલેકટરએ અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ, નાયબ કલેકટર પૂજા જોટાણીયા, સોશિયલ મીડિયા ઈન્ફલુએર્ઝન્સ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્રકાર્યક્રમમાટેજયભાઈ મિશ્રા, બી.ડી. પાથર, એમ. એમ.ધડુક, યુવરાજભાઈ જાદવ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

### આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ - બેટી બચાવો બેટી પઢાઓ યોજના અન્વયે

## અમરેલી ખાતે મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા દીકરી વધામણા કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો

**કન્યાઓના માતા-પિતાને દીકરી જન્મ વધામણા કિટ આપતા ડીડીઓ**

અમરેલી, તા.૧૧

સમગ્ર વિશ્વમાં તા.૧૧ ઓકટોબરે 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં પણ આ ઉજવણી કરવામાં આવે છે.

બેટી બચાવો બેટી પઢાઓ યોજના અન્વયે અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા અંતર્ગત અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે દીકરી જન્મ વધામણા કાર્યક્રમ યોજાયો હતો. ઓકટોબરની તા. ૦૨ થી તા.૧૧ દરમિયાન જન્મ લીધો છે તેવી કન્યાઓના માતા-પિતાને દીકરી જન્મ વધામણા કિટ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા, આરોગ્ય અધિકારી ધરા જોષી, જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. મનિષાબેન મુલતાની, સિવિલ હોસ્પિટલ સંચાલક દિનેશભાઈ સહિતનાઓ દ્વારા દીકરી વધામણા કિટનું વિતરણ કરવામાં આવ્યુંહતું.

ઉલ્લેખનીય છે કે, 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ' ની ઉજવણીના ભાગરૂપે બેટી બચાવો બેટી પઢાઓ યોજના અન્વયે અમરેલી સમગ્ર જિલ્લામાં ૨૦૦ કિટ વિતરણ કરવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીઓ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.


## શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી.

'સહકાર ભવન', જુના બસ સ્ટેન્ડ પાસે, સ્ટેશન રોડ મું. તા. સાવરકુંડલા, જિ.અમરેલી
ફોન નં. (૦૨૮૪૫) ૨૪૨૫૯૩, ૨૪૨૯૯૪

**સંસ્થાની બિલ્ડીગ વેચાણથી આપવાની છે (બીજો પ્રયત્ન)**

શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લી. ની માલીકીની ડીસ્ટ્રીકટ અમરેલીના મોજે, સાવરકુંડલાના ભરવાડ શેરીના વોર્ડ નં.ર સીટી સ.નં.૫૫૬૬ થી ૫૫૭૦ ના પ્લોટ પૈ. ૬૧૨.૯૬ ચો.મી. જમીનમાં આવેલ બાંધકામ, સાથેની મોટા ગોડાઉન, ઓફિસો, દુકાનો સાથે બે માળનું બિલ્ડીંગ, પાછળ ખૂલ્લા પ્લોટવાળુ 'સહકાર ભવન' જૂના બસસ્ટેન્ડ, સાવરકુંડલા સ્થિત મિલ્કત વેચાણથી આપવાની છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ કામ કાજના દિવસો દરમ્યાન ઉપરોકત સરનામેથી રૂ.૧૦૦૦/- (નોન રીફંડેબલ) **ભરી ટેન્ડર ફોર્મ તા.૧૮/૧૦/૨૦૨૪ સુધીમાં લઈજવા તથા ભરેલ ટેન્ડર ફોર્મ તા.૨૫/૧૦/૨૦૨૪ સુધીમાં સીલબંધ કવરમાં રજી. પોસ્ટ એ.ડી.** થી મોકલી આપવાના રહેશે. આવેલ બધી જ ઓફરો **તા.૨૬/૧૦/૨૦૨૪** ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે. જેમાં ઓફર કરનારે બીન ચુક હાજર રહેવુ.

**આ મિલ્કત ચાલુ દિવસ દરમ્યાન સવારના ૯ :૦૦થી સાંજના ૫ : ૦૦ સુધીમાં જોવા મળશે**

**નોંધ :- કોઈપણ અથવા આવેલ બધી ઓફરો રદ કરવાની સત્તા સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી. ને અબાધિત રહેશે.**

લી.
બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની સૂચનાથી
રાજેશ એમ. માલાણી
મેનેજર
સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

### ખાનગી રિસોર્ટમાં નવરાત્રિ દરમિયાન

# ધારીમાં ગરબે રમતાં ૩૭ વર્ષિય યુવકનું હાર્ટ એટેકથી મોત નિપજયુ

**મૃતક ખાનગી શાળામાં ડાન્સર તરીકે કામ કરતા હતા**

ધારી, તા. ૧૧

કોરોના બાદ અચાનક જ યુવાન નવયુવાન સહિતના લોકોના અચાનક હૃદય બંધ થવાના કિસ્સા વધી રહ્યા છે અને હાર્ટએટેકસીધો મોતનુ

**અનુસંધાન પાના ૬ ઉપર**




### રાજસ્થળી ગામથી ૫૦૦ મીટર દૂર શેત્રુંજી નદીમાં

# અમરેલીનાં ખાણ ખનિજ વિભાગનાં અધિકારીની ફરજમાં પાંચ ઈસમોની રૂકાવટ

**તાલુકા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૧

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ તપોવન મંદિર સામે રહેતા અને રોયલ્ટી ઈન્સપેકટર તરીકે ખાણ ખનિજ વિભાગમાં ફરજ બજાવતા ભાવેશકુમાર વાસુદેવભાઈ સાધુ ગત તા. ૧૦ના રાત્રે ૧ વાગ્યે અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે શેત્રુંજી નદીના પટ્ટમાંથી અમરેલી નગરપાલિકાના કર્મચારી તથા વાહનોમાં ચારણા ભરી અમરેલી ખાણ ખનિજ વિભાગની ઓફીસ ખાતે લવાતા હતા. ત્યારે શેત્રુંજી નદીના પટ્ટથી રાજસ્થળી ગામ તરફ જતા આશરે ૫૦૦ મીટર દુર પહોંચતા સામેથી આરોપી કીશનભાઈ પ્રતાપભાઈ ખુમાણ, અભયરાજ મનુભાઈ જેબલીયા, મીલનભાઈ મહેશભાઈ ભુવા, ચિરાગભાઈ લાલીતભાઈ વ્યાસ, (રહે. ચારેય અમરેલી) તથા અજયભાઈ સામંતભાઈ ભુવા, (રહે. વરસડા) પોતાના હવાલા વાળી ફોરવ્હીલ ગાડી લઈ આવી રોયલ્ટી ઈન્સપેકટરના વાહનો રોકી નગરપાલિકાના માણસોને ધમકી આપી રોયલ્ટી ઈન્સપેકટરની કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યાની અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.







### નાગેશ્રી પોલીસે ગણતરીની કલાકોમાં આરોપી દબોચી લીધો

# જાફરાબાદનાં નાગેશ્રી ખાતે વિદ્યાર્થીની હત્યા કરનાર આરોપી યુવકની અટકાયત

**આરોપીએ ઘરે બોલાવીને વિદ્યાર્થીને છરી ઝીંકી દીધી**

અમરેલી, તા. ૧૧

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે બારૈયા શેરી, પહેલી પાટી વિસ્તારમાં રહેતા જીણાભાઈ ભગવાનભાઈ પરમારનો દિકરા જયદીપ તેમજ જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે રહેતા આરોપી અંકુશ ઉર્ફે હકો મનુભાઈ બાંભણીયાની બહેન આ બંને નાગેશ્રી એસ.કે. વરૂ માધ્યમીક શાળામાં ધોરણ-૧૨ માં સાથે અભ્યાસ કરતા હોય અને ગત તા. ૧૦ના રોજ

**અનુસંધાન પાના ૬ ઉપર**


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)